॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ડિસેમ્બર ૨૦૨૫ * વર્ષ ૪૦ * અંક ૯

## ॥ મંગલમયી પોષી પૂનમ ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના ધામરુપ
અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી દીક્ષાપર્વ, વ્રતધારી સંતોની દીક્ષાતિથિ,
શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીના ષષ્ઠમ પાટોત્સવના ત્રિવેણી પર્વસંગમે
શ્રી ઠાકોરજી તથા ગુરુહરિ સાહેબજીને ભાવપૂર્ણ હૃદયવંદના !

## ગુરુદેવ યોગીજી મહારાજના નિર્દેશ

**આપણું જીવનધ્યેય :**
સૌનાં હૃદય ભગવાં કરવાં છે !

**આપણી જીવનશૈલી :**
ગુરુની આજ્ઞાનું પાલન
એ જ ગુરુનું સાચું દર્શન !

**આપણો જીવનમંત્ર :**
અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવો
એ આપણી ભક્તિ છે !

## ॥ શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક મહોત્સવ : ૧૯૬૬~૨૦૨૬ ॥

# શ્રી ગુણાતીત દીક્ષાદિન : પરમ સાધુતાની પૂર્ણિમા !

જાન્યુઆરી મહિનાની ૩જી તારીખ, ૨૦૨૬, વિક્રમ સંવત ૨૦૮૨ની પોષ સુદી પૂર્ણિમા. શ્રી મૂળજી શર્મા રૂપે પ્રગટ થયેલા અનાદિ મૂળ અક્ષરમૂર્તિનો શ્રી ગુણાતીતાનંદ સ્વામી સ્વરૂપે ભાગવતી દીક્ષાદિન. આ પૃથ્વી પરના અનેક મહામંગલકારી દિવસોમાંનું એક પરમ પ્રેરણાદાયી મહાપર્વ ! ગુણાતીતાનંદ એ કોઈ મનુષ્યનું નામમાત્ર નથી, એ તો એક પરમ દિવ્ય ભાવ છે, એક એવી અખંડ આનંદની અવસ્થા છે જે ગુણાતીત છે – સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણેય ગુણોથી પરની દિવ્ય સ્થિતિ છે, પરબ્રહ્મ તત્ત્વ ધારક શાશ્વત અસ્તિત્વ છે. તેથી જ, ગુરુહરિ સાહેબદાદા અનેક વખત પોતાની પરાવાણીમાં કહે છે કે સ્વયં શ્રીજી મહારાજનો સંકલ્પ છે કે, 'ભગવાનનું ધામ ગુણાતીત છે, ને સૌને ગુણાતીત કરવાં છે !'

૬૦ વર્ષ પહેલાં ૧૯૬૬ની ૧૪મી મેના દિવસે અમદાવાદ સ્થિત મંદિરમાં પોતાના ઓરડામાં બ્રાહ્મમુહૂર્તે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે ૨૬ વર્ષના યુવાન જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને શ્રીજી મહારાજના એ જ સંકલ્પની આજ્ઞા રૂપ મંત્રદીક્ષા આપતાં પરભાવમાં આવીને કહ્યું, "તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે !" ૨૦૨૬ની આ પોષીપૂર્ણિમાએ ભગવા હૃદયના સાધુરૂપે પરમ સાધુતાની એ પૂર્ણિમાને આપણે સૌ શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા મહોત્સવની હીરક જયંતી રૂપે ઉમંગથી વધાવી રહ્યાં છીએ. "તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે" – બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના શ્રીમુખે પ્રગટ થયેલી આ આધ્યાત્મિક ઉત્ક્રાંતિ આણનારી પરાવાણી કેવળ જશભાઈ (ગુરુહરિ સાહેબજી) અને તેઓના સહાધ્યાયી આઠ મિત્રો (આપણા મૂળ આઠ સદ્‌ગુરુ સંતો) માટે જ હતી તેવું નથી. આજે તો એ વાત સ્ફટિકથી પણ વધારે સ્પષ્ટ થઈ છે કે, યોગીજી મહારાજે આપેલી એ આજ્ઞારૂપી મંત્રદીક્ષા તો સ્વયં શ્રીજી મહારાજના 'ભગવાનનું ધામ ગુણાતીત છે ને સૌને ગુણાતીત કરવા છે' તે સંકલ્પના જુદા શબ્દોમાં સ્પષ્ટ પુનઃ ઉચ્ચારણ જ છે.

તેથી, આપણે સૌ – પછી કોઈ પણ સંસ્થામાં કે જીવનના કોઈ પણ આશ્રમમાં હોઈએ, જો બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના શિષ્ય હોઈએ તો, આપણા સૌના ગુરુદેવ યોગીજી મહારાજની આપણને સૌને આજ્ઞા રૂપી આ જ મંત્રદીક્ષા છે કે, આપણાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે. તો, શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના આ હીરક જયંતી વર્ષે આપણે સૌ ગુરુદેવ યોગીજી મહારાજના શિષ્યો સંકલ્પબદ્ધ થઈએ કે, ભગવાનના બળે અને ભગવાનની રીતે, ભગવાનના પ્રગટ સ્વરૂપ આપણા ગુરુહરિને રાજી કરવા ગુરુદેવ યોગીજી મહારાજનો આ મંત્રદીક્ષા રૂપી ગુરુમંત્ર 'આપણું હૃદય ભગવું કરવું છે' તેને શેષ જીવનપર્યંત આપણાં વિચાર, વાણી અને આચરણનાં સહજ અને અભિન્ન અંગ બનાવી જીવીએ.

ગુરુદેવ યોગીજી મહારાજના એ મંત્રદીક્ષા રૂપ ગુરુમંત્રને સાકાર કરવા આપણી જીવનશૈલી કેવી હોય ? આ પ્રશ્નનો ઉત્તર પણ સ્વયં યોગીજી મહારાજે જ એક પ્રસંગે સહજ પરાવાણી ઉચ્ચારતાં આપ્યો. તેઓએ કહ્યું, "ગુરુની આજ્ઞાનું પાલન એ જ ગુરુનું સાચું દર્શન !" ગુરુનું દર્શન એ કોઈ શારીરિક ક્રિયા નથી. નરી આંખે મનુષ્યરૂપમાં ગુરુને નિહાળવા એ જ માત્ર ગુરુનું દર્શન નથી. ગુરુદર્શનનો આધ્યાત્મિક મર્મ એ છે કે, સ્વયં પોતાના આત્મામાં અખંડ ગુરુનું દર્શન કરવું, પોતાના આત્માને ગુરુરૂપ માનવો અને એમ સ્વયં સંપૂર્ણરૂપે ગુરુસ્વરૂપમાં વિલીન થઈ જવું. આ ગુરુદર્શન માટે કોઈ સરળતમ્ માર્ગ અને જીવનશૈલી હોય તો તે છે – ગુરુની આજ્ઞાનું યથાર્થ પાલન.

ગુરુદેવ યોગીજી મહારાજના એ મંત્રદીક્ષા રૂપ ગુરુમંત્રને સાકાર કરવા આપણો જીવનમંત્ર શો હોય – જે આપણા માટે સતત પ્રત્યેક વિચાર, વાણી, વર્તનમાં આપણો માર્ગદર્શક હોય ? આ પ્રશ્નનો ઉત્તર પણ સ્વયં યોગીજી મહારાજે જ આપ્યો છે. તેઓએ કહ્યું, "અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવો એ આપણી ભક્તિ છે." આ ગોકીરો કરવા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના આપણા જીવનઆચરણમાં હોય તે અનિવાર્ય છે. મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા જીવનમાં સર્વોપરી છે, તેઓ જ કર્તા-હર્તા છે અને મારા પરમ હિતકારી છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પરબ્રહ્મ તત્ત્વ આ પૃથ્વી ઉપર ગુણાતીત સાધુ રૂપે સદાય સાકાર છે. આવા ગુણાતીત સાધુ મને મારા ગુરુહરિ સાહેબજી રૂપે પ્રગટ મળ્યા છે. પ્રગટ ગુરુહરિમાં સમ્યક અને અખંડ નિર્દોષભાવ સાથે તેઓને રાજી કરવાની એકમાત્ર લગની સાથે પ્રભુના સંબંધવાળાં સૌ પ્રત્યે નિર્દોષબુદ્ધિ રાખી, સંપ, સુહૃદભાવ અને એકતાને દૃઢપણે આચરણમાં ઉતારી, ગુરુની આજ્ઞા પ્રમાણે નિરપેક્ષભાવે અને ફરિયાદ કર્યા વિના સૌની સેવા કરવી. આપણી ઉપાસનાના આ પાંચેય સિદ્ધાંતો આપણા જીવન આચરણમાં હોય ત્યારે આપણું આચરણ જ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ગોકીરા સહજ રીતે કરે.

શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના હીરક મહોત્સવ પ્રારંભે, પરમ સાધુતાની આ પોષીપૂર્ણિમાએ ગુરુદેવ યોગીજી મહારાજના મંત્રદીક્ષા રૂપી ગુરુમંત્રને તેઓએ ચીંધેલી જીવનશૈલી અને નિર્દેશ કરેલા જીવનમંત્રનાં સહજ આચરણ દ્વારા આપણે આપણા જીવનમાં સિદ્ધ કરીએ તેવી શ્રી ઠાકોરજી મહારાજના અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના ચરણોમાં મંગલ પ્રાર્થના !

◆

~ સા. શ્રી...

~ સાધુ મનોજદાસ

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**નૂતનવર્ષ મંગલમિલન સભા તથા અન્નકૂટોત્સવ પ્રસંગે આશીર્દાન, ૨૨ ઑક્ટોબર ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**૨૦૮૨** નવા વર્ષના પ્રારંભે આપ સૌને નૂતનવર્ષાભિનંદન સાથે ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! ૨૦૮૨નું આ વર્ષ દેશ-પરદેશમાં વસતા આપણા વહાલા ભક્તો-સંતો સૌને તને-મને-ધને-આત્માએ કરીને સર્વ વાતે સુખિયા રાખે, ભક્તિ-શક્તિ-સમૃદ્ધિથી છલકાતા બનાવી પ્રભુભક્તિનો પરમ આનંદ સૌને પ્રાપ્ત થાય, એકાંતિકપણું સિદ્ધ કરાવે અને કુટુંબે સહિત અક્ષરધામના સુખે સુખિયાં બની રહે એવી નવા વર્ષના પ્રારંભે ગુરુચરણે, પ્રભુચરણે આપણાં સૌની પ્રાર્થનાઓ છે !

જે કોઈ સંતો, ત્યાગી-ગૃહી, ગુણાતીત સમાજ, અનુપમ મિશન પરિવારના સત્સંગીઓને કોઈ પણ પ્રકારની તકલીફો હોય પછી એ વ્યવહારની હોય, કુટુંબની હોય, શરીરની હોય, મનની હોય, ધનની હોય, કુટુંબના સભ્યોની હોય, કોઈ વિસંવાદિતાની હોય; એ સર્વે મુશ્કેલીઓમાં પ્રભુ બળ આપજો. આપ નિષ્ઠાની કસોટી કરતા હોવ છો કે, આપને કર્તા-હર્તા માનીએ છીએ કે નહીં ? માહાત્મ્યની આવી કસર ટાળવા માટે આપ પ્રસંગો મૂકતા હોવ છો; જે કંઈ પણ હોય, પણ આપના બળે, આપના ભજનના બળે, સંતોના સાથથી એ બધામાંથી અમે પાર ઊતરીએ, અખંડ આનંદમાં રહેતા થઈએ અને આ દેહે કરીને એકાંતિકપણું સિદ્ધ થાય એવી અમારા ઉપર કૃપા વરસાવજો એવી હે પ્રભુ ! હે યોગીબાપા ! નવા વર્ષના પ્રારંભે અમારાં સૌની આપના ચરણોમાં પ્રાર્થના છે !

શ્રી સ્વામિનારાયણ ભગવાન માનવરૂપ ધારણ કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા. છપૈયામાં પ્રગટ થયા, ગઢપુર મુકામે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કર્યો. ગુણાતીત સાધુ થકી પ્રગટ રહ્યા. એમણે સંકલ્પ કર્યો કે, 'ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈ, નાનો-મોટો, ભણેલો-અભણ, ગામડાનો-શહેરનો, પશુ-પક્ષી, ઝાડ-પાન; જે કોઈ અમારા સંબંધમાં આવે એ સૌનું કલ્યાણ કરવું છે.' અને પછી આગળ બોલ્યા, 'ભગવાનનું ધામ ગુણાતીત છે ને સૌને ગુણાતીત કરવા છે.' તો એમના સંકલ્પમાં આપણે બધાં આવી ગયાં છીએ. કોઈ જન્મે આપણે ઝાડ હોઈશું, પશુ હોઈશું, પક્ષી હોઈશું, માણસ હોઈશું-જે હોઈશું એ; પણ એમના સંબંધમાં આપણે આવ્યાં અને એવા પ્રગટ સંતોનાં સાંનિધ્યમાં પ્રભુ આપણને સાથે રાખતા ગયા ને ઉત્તરોત્તર આપણી આધ્યાત્મિક પ્રગતિ કરાવતા રહ્યા છે ! આપણે જ્યાં હોઈએ ત્યાં આધ્યાત્મિક પ્રગતિ કરવામાં આપણી કસોટી થતી હોય-એ કસોટીમાં પ્રભુનું બળ મળે ને આપણા સર્વની માહાત્મ્યની કસર ટળી જાય અને આપણે એક પ્રભુના ભાવમાં રહેતા થઈએ-એ જ ઉદ્દેશ લઈને મહારાજ આ બ્રહ્માંડમાં પધાર્યા. હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઉઠાવી કામ-ક્રોધાદિક દોષ રહિત કરવાનો એમનો જે સંકલ્પ છે; સ્ત્રી-પુરુષથી પરના ભાવમાં જીવન જીવી, અક્ષરધામનાં સુખે સુખી કરવાનો એમનો જે સંકલ્પ છે; એ આપણાં સૌનાંય જીવનમાં હસતાં રમતાં સાકાર થાય અને સૌને પ્રભુ તને, મને, આત્માએ કરીને ખૂબ ખૂબ સુખિયાં સુખિયાં રાખજો એવી પ્રાર્થના સાથે અમે આપના ચરણોમાં ધૂન-પ્રાર્થના કરીએ છીએ : 'ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...'

સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનભાઈએ એમના પ્રવચનમાં આખા વરસનું સુંદર ભાથું આપ્યું. એમણે જે વાત કરી એ વાત બોલો બધાં... :

**‘સ્વામિનારાયણ હરે ! સ્વામીએ વાત કરી જે, ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે ને અંતરમાં ટાઢું જોઈને મોટા સાધુ રાજી થાય.’** અને મોટા સંતને રાજી કરવાનો તો આપણો ધ્યેય છે. મોટા સંત એટલે ભગવાનધારક ગુણાતીત સાધુ-તેઓ જ્યારે રાજી થાય ત્યારે મુશ્કેલીઓનો આપોઆપ અંત આવી જાય. આ કેટલો સહેલો ઉપાય બતાવ્યો છે ! તો આજે સંકલ્પ કરીએ કે, અશ્વિનભાઈએ કહ્યું એ પ્રમાણે અભ્યાસ કરવો છે, પ્રૅક્ટિસ કરવી છે.

એનાથી શો ફાયદો થશે ? તો શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું અને ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી કે, ‘ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે.’ શાથી ટાઢું રહે ? તો એમ કરવાથી આપણે ક્રિયારૂપ નહીં થઈએ. ક્રિયારૂપ થવાથી, તે ક્રિયા પ્રત્યે આસક્ત થઈ જવાથી માણસ દુઃખી થાય છે. પણ જો ભગવાનનું ભજન કરતાં કરતાં તમે વ્યાપાર કરો, ધંધો કરો, નોકરી કરો, સંસારનાં બધાં કામ કરો તો ભગવાન કહે, ‘નો પ્રૉબ્લેમ !’ તમે એની સાથે જોડાશો નહીં તો દુઃખી નહીં થાવ. પ્રભુ સાથે જોડાયેલા રહો એ અક્ષરધામ ! અક્ષરધામ એટલે ? અખંડ પ્રભુમય જેનું જીવન હોય એ અક્ષરધામ ! પછી એ ઍમેઝોનના જંગલમાં હોય તોય અક્ષરધામ છે. અને ન્યૂયૉર્કના મૅનહટન કે બૉમ્બેના કાલબાદેવી જેવા ભરચક વિસ્તારમાં અવરજવર ને બૂમાબૂમ થતી હોય ત્યાં તમે એકાંતમાં હોવ એવો અનુભવ થશે. અને ભગવાનમાં નહીં રહેતા હોવ તો જંગલમાં એકલા હશો તો પણ ચકલી ચીં ચીં કરતી હશે તેની પણ તમને ખલેલ લાગશે, જંગલમાં પણ તમને એકાંત નહીં લાગે. અને જો પ્રભુમાં રહેતા હશો તો ભરચક વિસ્તાર પણ તમને એકાંતમય લાગશે.

સંતો દેશ-પરદેશમાં વિચરણ કરે છે; પણ, તેઓ ભગવાનને સાથે રાખીને ફરે છે એટલે એમને કાંઈ અડતું નથી. આવીને પછી તેઓ બધું ભૂલી જાય છે. પ્રવાસ કરીને આવેલા સંતોને પૂછો તો એમને ભગવાનની કથાવાર્તા, જે કોઈ એમના સંબંધમાં આવે એમને પ્રભુમાં જોડવા, મહિમા ગાઈને પ્રભુ રાજી થાય એવું જીવન જીવતા કરવા અને કેવળ ને કેવળ પ્રભુને રાજી કરવાનો જ ઉદ્દેશ હોય છે ! તો, આપણે પણ ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો મોટા સંત રાજી થઈ જાય. મોટા સંત રાજી થાય તો શું થાય ? તો ગઢડા પ્રથમનું પહેલું ‘વચનામૃત’ આપણને સિદ્ધ થઈ જાય.

**પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, સર્વ સાધનમાં કયું સાધન કઠણ છે ? ત્યારે સર્વ બ્રહ્મચારી, સાધુ તથા ગૃહસ્થ તેમણે પોતાની સમજણ પ્રમાણે ઉત્તર કર્યો પણ થયો નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો, અમે ઉત્તર કરીએ જે, ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી. કાં જે, ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે.**

ગઢડા પ્રથમનું આ પહેલું વચનામૃત જો સિદ્ધ થઈ જાય તો આખી દુનિયાના બાદશાહ થઈ જવાય લ્યો ! મહારાજે પહેલા જ વચનામૃતમાં આ વાત કરી. હવે આ વાત સિદ્ધ થાય એટલે પાછળ ૨૬૧ વચનામૃત આપ્યાં કે કેવી સમજણેયુક્ત જીવન જીવવું ? કેવા સાધુના યોગમાં જીવન જીવવું ? ભગવાનને, સાધુને, ભક્તોને કેવા માનવા ? તેઓની કેવા ભાવથી સેવા કરવી ? કેવી સમજણથી ભક્તિ કરવી ? કેવી રીતે ભજન કરવું ? એ બધી રીતો પાછળનાં બીજાં ૨૬૧ વચનામૃતમાં આપી. ગઢડા પ્રથમનું પહેલું વચનામૃત સિદ્ધ થાય તો આ વાત સિદ્ધ થાય, એનો અર્થ કે ૨૬૨ વચનામૃત સિદ્ધ થઈ ગયાં કહેવાય. અને આ સિદ્ધ કરવા માટે ગુણાતીતાનંદ સ્વામીએ સહેલામાં સહેલી વાત બતાવી કે, ‘ભજન કરતાં કરતાં ક્રિયા કરો.’ તો આપણે એની ટેવ પાડીએ. અહીંથી મંદિરે જઈએ ત્યારે વાર્તાલાપ કરીએ તો વાંધો નહીં, પણ

મોટા સંતને રાજી કરવાનો આપણો ધ્યેય છે.
તેઓ જ્યારે રાજી થાય ત્યારે
મુશ્કેલીઓનો
આપોઆપ અંત આવી જાય.

**પ્રભુ સાથે જોડાયેલા રહો**
**એ અક્ષરધામ !**
**અખંડ પ્રભુમય જેનું જીવન હોય**
**એ અક્ષરધામ !**

બ્લૅન્ક ના જાવ. ગુરુની, પ્રભુની સ્મૃતિની સાથે 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરવાની પ્રૅક્ટિસ કરીએ.

અંતર ધગી ના જાય એના બે ઉપાય છે. અંતર ક્યારે ધગે ? તકલીફ-મુશ્કેલી ક્યારે ઊભી થાય ? પ્રભુથી છૂટા પડો તો, પ્રભુને ના ગમે એવું વર્તો તો. તો, અંતર ધગી ના જાય એના બે ઉપાય બતાવ્યા; એક, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું અને બીજું, ભગવાનને કર્તા-હર્તા માનવા. 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહિ, તેઓ જે કરશે તે ભક્તના હિતમાં જ હશે' એવી નિશ્ચિંતતા રહે. જો 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરવાની ટેવ હશે તો અંતર ધગશે નહીં, અંતર ટાઢું રહેશે. પરંતુ જો કદાચ ધગી જાય, ડિસ્ટર્બ થઈએ તો પછી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. તો આપણે આ વર્ષે આવી પ્રૅક્ટિસ કરીએ. આપણા બધાય સદ્‌ગુરુ સંતો, સંતો પાસેથી આ વાતને વિશેષ ને વિશેષ ઊંડાણથી જેટલી સમજતા જઈશું, મહિમા સમજતા જઈશું, તેટલો ભજન કરવાનો આપણો આનંદ વધતો જશે.

આપણે સ્વામિનારાયણના સત્સંગી છીએ, પણ 'સ્વામિનારાયણ' મંત્રમાં કેટલી તાકાત છે એની અનુભૂતિ હજી આપણને થઈ નથી. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવાથી ઘેર બેઠાં બધાં કામો થાય છે. અત્યારે કોઈને પોતાને શોખ હોય તો શૉપિંગ માટે બહાર જાય, બાકી ઍમેઝૉનમાં કહી દે કે, અમારે આ જોઈએ છે તો સારામાં સારી ક્વૉલિટીનું બધું તમારે ઘરે આવી જાય. સાયન્સે આટલું સુખ કરી આપ્યું, તો શું આધ્યાત્મિકતામાં કશો ફેરફાર જ ના થાય ? તમે ભજન કરો તો જે માંગો એ મળે ને જે શોધો તે જડે. ઘણાં એમ કહે કે, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરવાથી કંઈ કામ સિદ્ધ થતાં હશે ? પણ કામ કરવાની, વેપાર-ધંધો કરવાની ના નથી પાડી, આ બધાં કાર્યો કરવા જતાં કંઈ પણ થાય તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીએ તો મદદ ભગવાન મોકલે છે. 'સ્વામિનારાયણ' મહામંત્રથી તમે નહીં ધાર્યાં હોય એવાં કામો થશે, ગમે એવી મુશ્કેલીઓમાંથી પાર પડી જવાશે.

નવા વર્ષે આ સંકલ્પ લઈને જઈએ કે, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતાં કરતાં ક્રિયા કરવી છે. કારણ કે, મારે મારા ગુરુને અને મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને આ દેહે કરીને રાજી કરવા છે, બીજું કાંઈ જોઈતું નથી. ભગવાન રાજી થશે, ગઢડા પ્રથમ-૧ વચનામૃત સિદ્ધ થશે તો તમને વણમાંગ્યું બધું મળશે, માંગવું નહીં પડે.અને આપણે માંગી માંગીને પણ શું માંગીશું ? આપણી માંગવાની કૅપેસિટી કેટલી ? માંગીએ તો બંગલો માંગીએ, ગાડી માંગીએ, લાડી માંગીએ, છોકરાં માંગીએ, છોકરો ભણે એનાં સારાં પરિણામ માંગીએ; બીજું શું માંગીએ આપણે ? આપણને બીજું માંગતાં આવડતું જ નથી. જ્યારે ભગવાન તો તમે ના કલ્પ્યું હોય તેવું સુખ આપવા માંગે છે. તો બધું ભગવાન ઉપર છોડીને ભજન કરીએ.

૨૫,૦૦૦/- રૂા.ની ભેંસ વેચાતી લીધી હોય તો ભેંસના આંચળમાં જે બગાઈઓ હોય એની કંઈ અલગ કિંમત ના ચૂકવવાની હોય, એ તો ભેંસ જ્યાં જાય ત્યાં સાથે જ આવે. એમ, આ જગતનાં સુખ-સુવિધાઓ માટે જે ફાંફાં મારે છે, એના માટે ભગવાન કહે છે કે, તમે મારી મૂર્તિમાં રહેશો તો એમ ને એમ બધું આવશે, માંગવું નહીં પડે. તો આપણે મૂર્તિમાં રહેવાય એવો સંકલ્પ કરીએ. તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...નું ભજન આજથી જ શરૂ કરો. મંદિરે જાવ તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... બોલતાં બોલતાં જજો. જમવા જાવ તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરજો. પણ યાદ રાખો, કોઈ તમને કંઈ વાત કરતા હોય ત્યારે મનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... જાપ કરવો. ગાડી ચલાવતા હોવ ત્યારે આંખ બંધ કરીને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ના કરતા, ખુલ્લી આંખે ધૂન કરજો. ધૂન કરવામાં વિવેક રાખજો. હરેક કાર્ય કરતાં સ્વામિનારાયણ...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ચાલુ જ રહેવું જોઈએ. અને આવી આપણે પ્રૅક્ટિસ કરતાં કરતાં અજપાજપ સિદ્ધ થઈ જતાં જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં અંતરમાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' મહામંત્ર ચાલતો જ રહેશે.

હે પ્રભુ ! આખા વર્ષ દરમિયાન બધા ભક્તો ઉપર આપ સદાય રાજી રહો ! આપ અખંડ રાજી રહો એ રીતે અમે 'સ્વામિનારાયણ' મહામંત્રનો સતત જાપ જપતા રહીએ. અને વિચાર-વાણી ને વર્તન દ્વારા, અમારા વ્યવહાર દ્વારા આપની સુવાસ પ્રસરે, અને સૌ સંતોની ભગવા હૃદયની સાધુતા દ્વારા બધે સુવાસ પ્રસરે એવી અમ સૌ પર સદાય આશિષ વરસાવજો એવી આપના ચરણોમાં પ્રાર્થના ! નવા વર્ષના ફરીથી બધાંને જય શ્રી સ્વામિનારાયણ ! *(નૂતનવર્ષ મંગલમિલન સભામાં આશીર્દાન)* ◆

**શ્રી** ઠાકોરજીના સાંનિધ્યમાં અન્નકૂટ ઉત્સવમાં દર્શન અને આરતી અર્થે પધારેલ સર્વ વહાલા સંતો-ભક્તો-આપણે સૌ ખૂબ ભાગ્યશાળી, નસીબદાર છીએ કે વર્ષની શરૂઆતના પહેલા જ દિવસે આપણને શ્રી ઠાકોરજી સાથે, ગુણાતીત સંતો સાથે, સદ્‌ગુરુ સંતો ને વડીલ સંતોનાં સાંનિધ્યમાં અન્નકૂટ ઉત્સવનાં દર્શનનો લહાવો મળ્યો ! પરદેશના ભક્તોએ અને અહીંયાં લોકલ મોગરીથી લઈને છેક મુંબઈ, માણાવદર, ચેન્નાઈ સુધીના બધા ભક્તોએ વિધવિધ પ્રકારની વાનગીઓ શ્રી ઠાકોરજીના ચરણે ધરાવી, સંતોની દોરવણીથી યુવાનોએ કલાત્મક રીતે ગોઠવી; શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં અન્નકૂટ રૂપે દર્શન કરવાનો આપણને લહાવો મળ્યો, ખૂબ આનંદ થયો. આખા વરસ દરમિયાન આપણે વિધવિધ પ્રકારની જે વાનગીઓ આરોગીએ છીએ, એ 'પ્રથમ પ્રભુ પછી આપણે' એ ભાવે પ્રભુના ચરણે ધરીને પછી આપણે લઈશું.

જેના જીવનમાં પહેલા પ્રભુ છે, પ્રભુને આગળ રાખીને પ્રભુને અર્થે જીવન જીવે છે એ સૌનીય રખેવાળી, સૌનીય જવાબદારી પ્રભુ લે છે, એ સૌનું પ્રારબ્ધ પ્રભુ બની જતા હોય છે. અને જ્યારે આપણું પ્રારબ્ધ પ્રભુ બની જાય તો આપણું જીવન ધન્ય બની જતું હોય છે. એવા બધા ભક્તો અહીંયાં બિરાજમાન છે, બધાં ભક્તો-ભાઈઓ-બહેનો સર્વે ખરેખર એકેએક અક્ષરધામનાં મુક્ત છે. પણ મા-બાપ તરફથી મળેલો દેહ, જે વાતાવરણમાં ઊછર્યાં એ વાતાવરણનો પ્રભાવ, જેમની સાથે કામધંધો કરીએ છીએ, મિત્રતા રાખીએ છીએ એમનો પ્રભાવ; એને ધોવા માટે, પ્રભુની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે આપણે સાધના કરવી પડે છે. તે પ્રભાવોમાંથી નીકળી કેવળ ને કેવળ સાધુ-સંતોના યોગમાં ને પ્રભુના પ્રભાવમાં રહીએ એવું આપણું જીવન બની રહે તેવી પ્રાર્થના છે !

સતત શ્રી સ્વામિનારાયણનું ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે. તો 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરતાં કરતાં આપણો આખો દિવસ, આખો મહિનો, આખું વરસ પસાર થાય અને હૈયામાં પ્રભુ-પ્રસન્નતાનો સર્વને આનંદ મળે. સૌ તને, મને, ધને, આત્માએ કરીને ખૂબ સુખી બની રહે. દેશ-પરદેશમાં વસતા સર્વ ભક્તો જ્યાં છે ત્યાં પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી, ભેગા મળીને જીવનની ધન્યતાનો આનંદ માણે. સર્વ પ્રકારનાં સુખોથી પ્રભુ સૌને છલકાવી અને એકાંતિકપણું સિદ્ધ કરાવે એવી પ્રભુચરણે, ગુરુચરણે અન્નકૂટદર્શનની પ્રાર્થના કરીએ છીએ. જે ભક્તો-બહેનો-ભાઈઓ પધાર્યાં છે એ સૌ સરસ રીતે દર્શન કરીએ. પછી જ્યારે ધ્યાન કરીએ ત્યારે આપણને આ દર્શનની સ્મૃતિ થાય. આ દર્શનની સ્મૃતિ આપણા હૈયામાં, આપણા અંતરમાં શાંતિ, આનંદ વધારતાં હોય છે; તો એવા ભાવથી દર્શન કરીએ, આરતી કરીએ. અને વિચાર-વાણી-વર્તનથી પ્રભુની સુવાસ પ્રસરાવીએ એવા આપણને સૌને પ્રભુ બનાવે એવી નવા વર્ષની પ્રાર્થના ! અન્નકૂટની સેવામાં જોડાયેલા સંતોની ટીમને, પૂજારીઓની ટીમને, યુવાનો અને યુવતીઓની ટીમને અને જે જે ભક્તો વાનગીઓ બનાવીને આપવામાં, મૂકવામાં જોડાયા છે, એ સર્વને ખૂબ ખૂબ અભિનંદન સાથે ધન્યવાદ ! સૌને નૂતન વર્ષનાં અભિનંદન !

જય શ્રી સ્વામિનારાયણ ! *(અન્નકૂટોત્સવ પ્રસંગે આશીર્દાન)* ◆

જો 'સ્વામિનારાયણ' મંત્રનો
જાપ કરવાની ટેવ હશે તો
અંતર ધગશે નહીં,
અંતર ટાઢું રહેશે.

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

**હે પરમના ઉપાસકો ! હે અક્ષરધામના આરાધકો ! હે ગુણાતીતના બ્રહ્મજ્ઞાનીઓ ! હે સહજાનંદી ચૈતન્ય સ્વરૂપો !**

આપ બ્રહ્મસ્વરૂપ છો. આત્મા બ્રહ્મસ્વરૂપ છે, ચૈતન્યરૂપ છે. શ્રીજીએ તમને પ્રસાદીના ગણ્યા, સ્વામીએ તમને બ્રહ્મજ્ઞાન દીધું... શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસનાનાં પાન પાયાં અને યોગીબાપાએ સંકલ્પબળે પોષણ આપી સાહેબના શરણે સોંપ્યા. તમારી તમને ઓળખવાની સાધનાનો પ્રારંભ થયો. બસો વર્ષથી ચાલતી એ સાધના પૂર્ણગતિથી તમને તમારું સ્વરૂપ ઓળખાવી રહી છે. તમે કોણ છો ? આપનો પૃથ્વી પર પ્રગટ થવાનો હેતુ શું છે ? તે સમજાવી રહી છે.

તમારે કરવાની સાધનાનું સ્પષ્ટીકરણ થઈ રહ્યું છે. તમારો આત્મા તો બ્રહ્મસ્વરૂપ છે તે સત્યનો સ્વીકાર તમારું રોમરોમ સ્વીકારે તે સાધના છે. તમારો દેહ અને દેહના ભાવો તમને માયિકભાવમાંથી પ્રાપ્ત થયા છે, સ્થૂળભાવમાંથી તમે પ્રગટ થયા છો. તમારું દેહ-તમારું મન તે માયિક છે - માયામય જગતમાંથી નિપજેલું છે જેને તમારે શુદ્ધ કરી આત્માને અનુરૂપ બનાવી પ્રભુ પરમની સેવામાં સોંપવાનું છે જે તમારે પરિશ્રમ કરી, સાધના કરી હાંસલ કરવાનું છે. સ્થૂળ દેહના ભાવો અને પંચવિષયના રાગથી ઘેરાયેલો તમારો વિશુદ્ધ આત્મા સતત ઝંખે છે તે બેડીમાંથી મુક્ત થવા... તે આતમનાદને સૂણી તમારે તમારા આતમને વિશુદ્ધ કરવા મંડી પડવાનું છે. દેહભાવના ડાઘને ટાળવા જાગૃત થવાનું છે.

ત્રણ દેહથી તમે ઘેરાયેલા છો - સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ. સ્થૂળ દેહથી તમે ખૂબ સેવાઓ કરી છે. વચને તમારા દેહને કુરબાન કર્યો છે. દેહની વિટંબણાઓને ગણી નથી, દેહભાવ ઓગળી ગયો છે - એટલે સ્થૂળ જીતાઈ ગયું છે, સ્થૂળ ઉપર તમે વિજય પ્રાપ્ત કર્યો છે. આજે તમારા સ્થૂળને તમે તમારી આજ્ઞામાં વર્તાવો છો. રાતોની રાતો જાગરણ કરી તમે સોંપેલા કાર્યને પૂર્ણ કરવા મંડ્યા રહો છો, છ છ કલાક ધ્યાનમાં બેસી રહો છો. એક ધ્યેય પકડાઈ ગયું છે - 'સાહેબને પ્રસન્ન કરી લેવા છે'-તે ધ્યેયની દૃઢતાના બળે હવે સ્થૂળ જિતાઈ જતાં તમારી સાધનામાં તમને અવરોધ નથી કરતું અને સ્થૂળ દેહને તમે તમારી આજ્ઞામાં વર્તાવો છો.

હવે પ.પૂ. સાહેબ એક પગલું આગળ લે છે. સૂક્ષ્મને જુઓ, સમજો ને તેના પર વિજય પ્રાપ્ત કરો. સૂક્ષ્મમાં ઊઠતા ઘાટ-સંકલ્પો એ પણ દેહભાવ છે. તમારું સમગ્ર શુદ્ધ ન થાય ત્યાં સુધી સ્થૂળમાં જેમ અશુદ્ધિઓ હતી તેમ સૂક્ષ્મ ને કારણની પણ ખરી. સૂક્ષ્મના ભાવો એ મનમાં ઊઠે છે. મન જીતવાનું છે - કહ્યું છે 'જિતં જગત્ કેન મનો હિ યેન ।' જેણે મન જીત્યું તેણે જગત જીત્યું. મન જીતવા માટે સાહેબે મૌન અને ધ્યાનની પદ્ધતિ સમજાવી - તમે તમારા મનમાં ઊઠતા આવેગ-પ્રવેગ, ઘાટ-સંકલ્પ સર્વને તટસ્થભાવે જોયા કરો - તમે તે સર્વથી જુદા છો, આત્મા છો, બ્રહ્મરૂપ છો. તેથી તમારા વિશુદ્ધ આત્માને અને મનના ઘાટ-સંકલ્પને કોઈ સંબંધ નથી. 'નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણં...' માનો અને આત્મારૂપે વર્તો. તો સ્થૂળ જીતાયું તેમ સૂક્ષ્મ પણ જિતાઈ જશે. મન પર તમારો કાબૂ આવી જશે... શુભનો-ઇષ્ટનો પ્રવેશ રહેશે, અનિષ્ટ ને અશુભનો સહજાવસ્થામાં નિષેધ થશે. તમે તે વિક્તિ કરવામાં કોઈ પ્રયત્ન નથી કરતા, કેવળ આત્મામાં સ્થિર છો, આત્મસત્તારૂપ વર્તો છો અને તે રીતે વર્તતાં આપોઆપ ત્રણ દેહથી ઊઠતા

સર્વ ભાવો શમી જાય છે ને કેવળ પ્રભુની સતત પ્રેરણા તમને દોરે છે. દેહના ભાવો જિતાઈ ગયા તો દેહભાવથી દોરાતો આત્મા હવે પરમાત્માની પ્રેરણાથી સતત ચાલે છે, ક્રિયા કરે છે, જુએ છે અને બ્રહ્મમાં વિચરે છે, બ્રહ્મસ્વરૂપે વર્તે છે.

આ પોષીપૂનમે આપણા માટે નવી ક્ષિતિજો ખુલી છે. છેલ્લાં પચ્ચીસ વર્ષની સાધના આપણને હવે એક ડગલું આગળ દોરે છે. પરમ પુરુષનો સાથ છે, તેઓને સ્પષ્ટ દર્શન છે – આપણે અત્યારે ક્યાં છીએ અને હવે ક્યાં જઈ રહ્યા છીએ તે તેઓને સ્પષ્ટ દર્શન મહારાજની કૃપાથી થઈ રહ્યું છે. આપણા સૌના આત્મા યોગીબાપાએ તેમને સોંપ્યા ત્યારથી તે આત્માની શી ગતિ થઈ રહી છે તેનું સ્પષ્ટ દર્શન પણ તેઓને કરાવ્યું છે – તેથી તેવા સર્વ આત્માઓનું તેઓ જતન કરી રહ્યા છે અને સમય આવતાં પગલે પગલે પ્રકાશ પાથરી દોરી રહ્યા છે. આપણી સાથે ચાલે છે, આપણા સૌને સથવારો આપે છે, આપણી ભૂમિકાએ વિચરે છે, બધું જ ગ્રહણ કરે છે ને છતાં નિર્લેપ વર્તે છે. તેઓમાં દેખાતી મનુષ્યભાવની લકીર પણ કેવળ ભાસ છે. તેઓ કેવળ મહારાજની મૂર્તિમાં રહી, દાસત્વભાવે પોતાના સમગ્રને વર્તાવી રહ્યા છે. આપણા સ્થૂળને જીતવા માટે આપણે જેમ આપણા દેહને તેઓની આજ્ઞામાં વર્તાવ્યો, તેઓના દેહની ભક્તિ કરી હવે આપણે સૂક્ષ્મને જીતવા માટે પણ તેઓની આજ્ઞામાં રહી સૂક્ષ્મદેહના ભાવોથી પર થવાનું છે. તેઓને પોતાનો આત્મા માની અને પ્રતિપળ જીવવાનું છે, અખંડ ધ્યાન કરવાનું છે. આંખો બંધ કરી ધ્યાનમાં બેસીએ ત્યારે સૂક્ષ્મમાં ઊઠતા ભાવોનું તટસ્થભાવે દર્શન કર્યું તેવી જ રીતે ખુલ્લી આંખે ક્રિયા કરીએ ત્યારે કેટલાંક વર્તન આપણાં સૂક્ષ્મથી દોરવાતાં હોય છે. કોઈને મળીએ, વાતચીત કરીએ, કાર્ય કરીએ ત્યારે સૂક્ષ્મના ભાવો મધ્યમાં આવે છે ને તે ભાવથી ક્રિયાઓ થાય છે. તે બંને પ્રકારની હોઈ શકે છે – ઈષ્ટભાવે ને અનિષ્ટભાવે. તે વિક્તિ કરવા કરતાં આપણે આત્મભાવે વર્તતા થઈ જઈએ તો સૂક્ષ્મ જિતાઈ જશે. પ.પૂ. સાહેબ જે કહે છે – 'તમે આત્મરૂપે વર્તતા થઈ જાવ અને તમારા અંતર જગતે ઊઠતી–ઘટતી ઘટનાઓથી અલિપ્ત રહીને દર્શન કર્યા કરો.' તે ઘટનાઓમાં તમારે ભળવાનું નથી, કેવળ જોવાની છે, તેનો પાસ પડવા દેવાનો નથી. કેવળ પ્રભુની મૂર્તિમાં સ્થિર રહીને આ કરશો તો જ તે સંભવ છે, માટે અંતર જગતમાં પ્રભુની મૂર્તિને સ્થાયી સ્થિર કરી દો.

બાહ્ય જગતમાં તમારું વર્તન પણ તેવા જ તટસ્થભાવે કરવાનું છે. ધ્યાનમાં જેમ તમે તટસ્થ રહી આવેગ–પ્રવેગ જોયા તેમ ખુલ્લી આંખે ક્રિયા કરવામાં પણ તમારો આત્મા – તમારા સત્પુરુષ તમારી સાથે છે ને તેમના દોરવ્યા તમે દોરાવ છો, તમારામાં ઊઠતા સર્વ ભાવો તેમની પ્રેરણા છે. તમે તો દાસ છો, તમે સમર્પિત છો, સ્વતંત્રપણે તમારામાંથી કોઈ ભાવ ઊઠવાને અસમર્થ થઈ ગયા છે. તમે તટસ્થ છો તેથી તમારા દ્વારા થતી સર્વ ક્રિયાઓ એ પ્રભુની પ્રેરણાનું પરિણામ છે. તમારા અંતરે ઊઠતી પ્રત્યેક વિચારધારા એ પ્રભુની પ્રેરણા છે. તમારો આત્મા નિર્લેપ છે, પ્રભુને સોંપાઈ ગયો છે. વિશુદ્ધ છે, મંગલ છે, પરમાત્મસ્વરૂપ છે, પરમાત્મામાં ઓગળી ગયો છે, ગુરુમાં સમાઈ ગયો છે. તમે નિરાકાર થઈ ગયા છો, તમે ગુણાતીતરૂપને પામી ગયા છો, તમે ગુણાતીત સ્વરૂપે સ્થિર થઈ ગયા છો.

**હે પરમ આત્માઓ !**

આપણે અક્ષરધામરૂપ છીએ ને અક્ષરધામરૂપ ન રહેવા દે તેવી સર્વ કસરોને ટાળવા સાધના કરી રહ્યા છીએ. દેહના સ્વભાવથી પર ઊઠી – સ્થૂળ જીતી – સૂક્ષ્મ પર વિજય પ્રાપ્ત કરી, કારણને પેલે પાર આત્મારૂપે વર્તી પરમાત્મામાં વિલીન થવાની આ સાધના ચાલી રહી છે.

આજનો પોષીપૂમનો મંગલકારી દિન... આ પરમ પુનિતપર્વ આપણને તે સમજ આપનારું પર્વ છે. મૂળજી શર્મામાંથી ગુણાતીત પ્રગટ થયા તે પર્વ. મૂળજી એ દેહધારી – બ્રાહ્મણ ને તેમાંથી ગુણાતીત – કેવળ મહારાજના દાસ પ્રગટ થયા. તે પર્વે આપણે સૌ પણ તે માર્ગે ચાલવા ને શ્રીજીને રોમેરોમે પ્રગટ કરવાનો સંકલ્પ કર્યો છે તો સૌ જાગ્રત બની, સ્થૂળભાવ છોડી, સૂક્ષ્મ પર વિજય મેળવી કારણથી પર અક્ષરભાવમાં સહજ રહેતા થવા – સહજાનંદને રોમેરોમે પ્રગટ કરવા જાગ્રત બની, સતત જીવતા રહી, આપણી જાતના આપણા સૂક્ષ્મ અને કારણના ભાવોને સમર્પિત કરી દઈએ. આવું અશેષ ઉચ્ચ સમર્પણ આપણને મારા–તારા, પારકા–પોતાના, દિવ્ય–અદિવ્ય ભાવોથી પર લઈ જઈ, અખંડ સહજાનંદમાં રહેતા કરી દેશે – આજના આ પરમ મંગલપર્વે આપણે સૌ તે સ્થિતિમાં જવા કટિબદ્ધ બનીએ તેમાં પ્રભુના બળે – આ દિવ્ય સ્વરૂપોના આશીર્વાદે અને શાસ્ત્રીજી મહારાજ – યોગીબાપાના સંકલ્પે દોડ્યા જ કરીએ... ક્ષિતિજને પેલે પાર પહોંચી જઈએ ! ◆

સાધુ રાજ્નદાસના જય સ્વામિનારાયણ.

*બ્રહ્મજ્યોતિ, ૧૫.૧.૯૫ (૧૯૯૫)*

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા
નૂતનવર્ષ મંગલમિલન સભામાં આશીર્દાન,
૨૨ ઑક્ટોબર ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

**સર્વને** નવા વર્ષની મંગલ પ્રભાતના ભાવભર્યાં વંદન સાથે જય શ્રી સ્વામિનારાયણ !

આપણે જ્યારે શાંતિ મંત્ર બોલીએ છીએ ત્યારે ત્રણ વખત છેલ્લે 'ૐ શાંતિ : શાંતિ : શાંતિ :' એમ બોલવામાં આવે છે. આપણી ઋષિ સંસ્કૃતિએ, આપણા ગુરુજનોએ સર્વ પ્રકારની શાંતિ પ્રાપ્ત કરવા માટેનો માર્ગ પોતે જીવી, આચરીને આપણને બતાવ્યો છે, નિર્દેશ્યો છે કે, આ માર્ગે ચાલો. વિક્રમ સંવત ૨૦૮૨નું નવું વર્ષ શરૂ થાય છે ત્યારે આપણે સર્વે શ્રી પ્રભુના ચરણે, શ્રી ગુરુના ચરણે પ્રાર્થના કરીએ કે, અમારા સમગ્ર તંત્રમાં સર્વ પ્રકારની શાંતિ, સમતા અને આનંદ પ્રગટે.

આજે નવા વર્ષનો પહેલો દિવસ ! વહેલી સવારે બધાં વહેલા ઊઠી, વહેલા નહાઈ-ધોઈ તૈયાર થઈ, શ્રી ઠાકોરજીનાં દર્શન કરવા માટે અને અરસપરસ એકબીજાંનું અભિવાદન કરવા માટે પ્રેમપૂર્વક તૈયાર થઈ ગયાં. આપણી પરંપરા પ્રમાણે વડીલોને, ગુરુજનોને આદર આપીને, પ્રણામ કરીને, પ્રભુ એમના દ્વારા આપણને દર્શન અને આશીર્વાદ આપી રહ્યા છે તેવો ભાવ કરીને આપણે એકબીજાંને મળીએ છીએ અને પોતપોતાના સ્વધર્મ પ્રમાણેના પ્રણામ અને આદર પણ કરીએ છીએ. આ ભાવ ૩૬૫ દિવસ આપણા પોતાના તંત્રને વિશે રહે એવી મંગલ પ્રાર્થના કરીએ છીએ !

હું જ્યાં રહું છું ત્યાં મારા પરિવાર સાથેની મારી સુસંવાદિતા, સુમેળતા અને સુહૃદભાવ પણ જો વધે તો આ સંસાર મંગલમય બનવાનો છે. જેમ આજની આ મંગલમય પ્રભાતે આપણે મંગલમિલન અને એકબીજાંને પ્રત્યે હર્ષ અને ઉલ્લાસ પ્રગટ કરીએ છીએ - એ ભાવ આપણા રોજિંદા જીવનમાં પણ રહે. આપણા મંડળમાં પણ સુહૃદભાવ, સંગઠનભાવ, એકતા વધે અને આપણા ગુરુ માટેનો પ્રેમ ઉત્તરોત્તર, દિન-પ્રતિદિન વધતો રહે એવી પણ આપણે પ્રાર્થના કરીએ છીએ.

ગુરુહરિ સાહેબદાદાએ આપણને સર્વને જાગ્રત કર્યા કે, 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે.' ગઈ કાલે આપણે અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની ગુણાતીત અવસ્થાની વાતો કરી. એવા ગુણાતીતભાવમાં આપણને સર્વને રહેતા કરવા માટેનો, એ સુખે આપણને સુખિયા કરવા માટેનો બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિએ પણ જે આજીવન પ્રયત્ન કર્યો છે, એની ફળશ્રુતિના પરિણામે આપણે આટલું કંઈક સાંભળતાં, સમજતાં થયાં છીએ અને હવે વર્તનમાં લાવવાની આપણી ભાવના પ્રગટી છે.

ગુરુહરિ સાહેબદાદાએ આપણને તનથી, મનથી, ધનથી સર્વપ્રકારે સુખી થવાના આશીર્વાદ તો વર્ષોવર્ષ આપ્યા જ છે. એના પરિણામે આપણે સૌ આપણા અંતરાત્માની સાક્ષીએ અને આપણા હૃદયના ધબકારા ઉપર હાથ મૂકીને ખાતરીપૂર્વક કહી શકીએ કે, ખરેખર આપણે હતાં એના કરતાં પણ વધારે સુખિયાં થયાં છીએ અને એ ગુરુકૃપા, પ્રભુકૃપાનું પરિણામ છે ! પરંતુ મેં કહ્યું એમ, ક્રિયા કરતાં કરતાં ભજનનું અનુસંધાન રહેતું નથી, એટલે કે ભગવાનનું અનુસંધાન

રહેતું નથી અને ક્રિયાનું અનુસંધાન રહે છે, એટલે આપણે ક્રિયારૂપ થઈ જઈએ છીએ, ક્રિયામય બની જઈએ છીએ.

આપણી ભાવના છે ગુરુરૂપ દ્વારા ભગવાનરૂપ થવાની, પણ આપણો પ્રયત્ન કોઈ ને કોઈ ઠેકાણે ક્યાંક કાચો પડે છે, ક્યાંક ચૂકી જવાય છે. આજ્ઞામાં પણ પાછી તારતમ્યતા રાખીએ છીએ કે, આ નાની આજ્ઞા અને આ મોટી આજ્ઞા. નાની આજ્ઞા ના પાળીએ તો મોટી-મુખ્ય આજ્ઞા હોય એ પાળવી પડે. આ માનસિકતામાં જીવનારાં આપણને સૌને મૂર્તિરૂપ થવાનું-ક્રિયારૂપ નહિ થવાનું અને છતાંય ક્રિયા કરવાની. અને એનાથી અઘરી વાત 'ભગવદ્ ગીતા'માં ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને કહી કે, 'ક્રિયા કર્યા પછીથી એના ફળની પણ આશા ને અપેક્ષા રાખવી નહીં.'-ત્યાં સુધીના આદર્શો આપણાં ધર્મશાસ્ત્રોએ આપણને આપ્યા છે.

'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ'-એ પહેલી આજ્ઞા થઈ કે, ભજન કર્યા કરવું. આ ઉપરાંત, અઠવાડિક સત્સંગસભાની આજ્ઞા આપણને સર્વને કરવામાં આવી છે. વધારે નહીં તો ૩૦ મિનિટની પોતાના આત્મિક ઉત્થાન માટેની વ્યક્તિગત ધૂન કરવા માટેની પણ આજ્ઞા આપણને કરી છે. સર્વની સાથે સુમેળતા, સુહૃદભાવ, સંવાદિતા રાખીને ઘર, પરિવાર, વ્યવસાયથી આગળ વધીને સત્સંગનાં કાર્યો કરવાની શીખ પણ આપી છે.

વર્ષ પૂરું થઈ ગયું. ઍકાઉન્ટના ચોપડા બંધ થઈ ગયા. નવા વર્ષની મિતિ પાડી, પણ ગયા વર્ષની બાકી ઉઘરાણી ખેંચવાની તો બાકી જ રહી. ગયા વર્ષે આજ્ઞાપાલનમાં જે કચાશ અને ઢીલાશ રહી છે, આપણી રીતનું અર્થઘટન કરીને આપણી મસ્તીમાં આપણે જીવ્યાં છીએ અને એમાં ગુરુપ્રસન્નતા પ્રાપ્ત કરવાની ચૂકી ગયાં છીએ-આ બધી બાબત આજે પડવાના દિવસે ચોપડાના પહેલા પાને બાકી ખેંચીએ.

ચોપડા બંધ કરી દીધા એટલે આપણે જૂની બધી ઉઘરાણી કંઈ માફ કરી દઈએ છીએ ? એ ઉઘરાણી જેટલી સજગતાથી આપણે યાદ રાખીએ છીએ, ભલે પાંચ દિવસ મુહૂર્તના સારા-શુભ નવા દિવસો છે એટલે ઉઘરાણી કરતા નથી, પણ છઠથી દુકાન વધાવીને શરૂ કરીશું એટલે દિવાળી પૂર્વે વદિ દશમ સુધીમાં જે માલ મોકલ્યો હતો એના પૈસા સુદિ દશમ સુધીમાં આવી જાય એની આપણે ઉઘરાણી કરીશું કે નહીં કરીએ ? એ જ પ્રમાણે ઘર-પરિવારનાં અને આપણા વ્યવસાયનાં કાર્યોને પણ આપણે ઘડીકનો વિરામ આપીને-જેને 'રજા' કહેવામાં આવે છે અને આ એક પ્રકારનો આપણા માટે બ્રૅક છે કે જે ચીલાચાલુ અને રૂટિન રગશિયું જીવન આપણે જીવતાં હતાં એમાં બ્રૅક મારીને, નવી ચેતના, નવો વિચાર, નવો ઉમંગ અને નવા ઉત્સાહ સાથે બાકી રહી ગયેલું જે કંઈ પણ ઉધાર છે એને સજગતાથી જમામાં પરિવર્તિત કરવા માટેનો પ્રયત્ન કરીએ એ ખરેખરી વેપારી રીતિ છે અને સંસારને મંગલ બનાવવાની એ ખરેખર રીત છે.

તો પહેલું આવ્યું ભજન-'ભજન કરતાં કરતાં ક્રિયા કરો.' ગુરુહરિ સાહેબદાદાએ સંસાર સંબંધી સઘળી ક્રિયાઓ, દેહ સંબંધી સઘળી ક્રિયાઓ અને દેહ સાથે જોડાયેલું 'હું' અને 'મારું'-એની આ વાત આપણને સર્વને સાથે રાખીને સમજાવી છે કે, 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે.' ગુણાતીતાનંદ સ્વામીએ આપણને બહુ ટૂંકા શબ્દોના માધ્યમ દ્વારા બહુ જ ગહન અને બહુ જ ઊંચી પ્રાપ્તિનો માર્ગ બતાવી દીધો છે. જેમ વિદ્યાર્થીઓને નવું સત્ર શરૂ થાય એટલે એ સત્રનો અભ્યાસક્રમ આપવામાં આવે, એમ આ વર્ષના અભ્યાસક્રમ તરીકે ગુરુહરિ સાહેબદાદાએ નૂતનવર્ષના આશીર્વાદમાં સંન્યાસીઓને, સંસારીઓને-આપણને સૌનેય આ અભ્યાસ કરવાની વાત કરી છે.

આપણી માનવ સહજ પ્રકૃતિએ આપણને કોળિયો લેવાની જે રીતે ટેવ પાડી છે, તો ઊંઘમાંથી ઊઠીને પણ જો આપણે કોળિયો લઈએ તો તે નથી કપાળે જતો, નથી નાકે જતો કે નથી દાઢીએ જતો, સીધો બે હોઠની વચ્ચે આવે છે; એ જન્મજાત પડેલી આદત છે, અભ્યાસ છે. વ્યસની માણસ હોય, ચા, બીડી કે જે વ્યસન હોય તે, પણ વ્યસની માણસ જેમ વ્યસન કર્યા વગર રહી શકતો નથી, એમ ભજનિક પણ ભજન કર્યા વગર રહી શકતો નથી. એટલે હવે જ્યારે આપણે ભજન ભૂલી જઈએ છીએ એટલે કે ભગવાનને ભૂલી જઈએ છીએ તો આપણે એટલાં કાચાં છીએ એની આજે આપણે પ્રામાણિકતાથી કબૂલાત કરીએ. તો આજે આવી કબૂલાતનો પણ દિવસ છે.

આપણે નૂતન વર્ષે આ પણ સંકલ્પ કરવો છે. ગુરુહરિ સાહેબદાદાને આપણે આપણા ગુરુ તરીકે સ્વીકાર્યા છે, આપણા હૃદયમાં એમને પ્રેમ અને આદરપૂર્વક સ્થાન આપ્યું છે ત્યારે શિષ્ય તરીકેનો પણ આપણો એમની સાથેનો એવો સંબંધ અને સંવાદ હોવો જોઈએ. જેઓનું વાત્સલ્ય, પ્રેમ સહજ જ સૌની ઉપર ઢળે-વરસે છે, ખુશી અને પ્રેમથી જેમને મળવાનું મન થાય છે ને આનંદ થાય છે એવા આનંદમૂર્તિ ગુરુહરિ પરમ પૂજ્ય સાહેબજી મહારાજના આપણે ગુરુદર્શને આવીએ છીએ. ગુરુ આપણને મળે છે, આપણા ક્ષેમકુશળ પૂછે છે. વાત્સલ્યસહજ-જેમ માવતરને પોતાના સંતાન ઉપર વગર પ્રયત્ને સહજ અને સ્વાભાવિક પ્રેમ વરસે છે, એમ આપણી પર તેઓનું

વાત્સલ્ય વરસે છે. ગુરુનું, પ્રભુનું અને પરિવારમાં માતા-પિતાનું વાત્સલ્ય વહે છે તો સંતાન પણ સામે એમના માટેનું સુપાત્ર બની રહે એના માટેનો સંકલ્પ કરવાનો પણ આજનો શુભ અને મંગલ દિવસ છે. આપના એ પ્રેમને, એ આશીર્વાદને ઝીલવાને માટે અમે સુપાત્ર બની રહીએ, શિષ્ય બની રહીએ, સેવક અને દાસ બની રહીએ એવી પણ અમારી મંગલ પ્રાર્થના છે !

ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાથી અને જેઓની પ્રેરણા ને આશીર્વાદથી અમે આ હૃદય ભગવાં કરવાના માર્ગે પગલાં માંડ્યાં એ દાદુકાકા એમ કહેતા કે, 'આપણે ૩૫%ના માર્ક્સથી પાસ થયેલાં છીએ તોય આપણને કૉલેજમાં ઍડમિશન મળી ગયું છે.' જ્યાં કેવળ કૃપા અને અનુગ્રહ હોય, સર્વ જીવનું હિત થાય, રૂડું થાય, મંગલ થાય એવી જેમના હૃદયને વિશેથી ભાવના માત્ર વહેતી હોય, છલકાતી હોય; એમની કૃપામાં, એમની નિશ્રામાં આપણે આવી ગયાં તો બહુફાવી ગયાં ! એવી યોગીબાપાની કૃપા, એવી કાકાજી, પપ્પાજી, સોનાબાની કૃપા અને વર્તમાનકાળે આપણે ગુરુહરિ સાહેબદાદાની કૃપામાં આવી ગયાં તો આપણાં માટે વર્ષના ૩૬૫ દિવસ મંગલમય, આનંદમય અને શુભ બની રહે એવી પ્રાર્થના કરીએ છીએ.

ભગતજી મહારાજનું જીવનચરિત્ર આપણને આ વાતની સાક્ષી પૂરે છે. ગુણાતીતાનંદ સ્વામી પાસે ગુણાતીત બ્રહ્મજ્ઞાન ઘણું હતું. જ્યારે ભગતજી મહારાજે પ્રાર્થના કરી ત્યારે ગુણાતીતાનંદ સ્વામી પ્રથમ તો એમ કહે છે કે, 'એ પ્રસન્નતાની વાત તો જુદી છે.' ત્યારે ભગતજી મહારાજ કહે છે કે, 'એ પ્રસન્નતા મારે પ્રાપ્ત કરવી હોય તો ગુરુદેવ મને કહો કે હું શું કરું ?' અને ભગતજી મહારાજ મરણિયા થયા, સામી છાતીના લીધા અને ગુરુના વચને ચૂરચૂર ને ટુકટુક થઈ ગયા ! પોતાપણાના ભાવનું સમગ્રપણે અસ્તિત્વ વિસર્જિત કરીને સર્વની અંદર મારા પ્રભુ જ પ્રેરી રહ્યા છે, મારા પ્રભુ જ કરી રહ્યા છે તેવો ભાવ એમણે પોતાના શિષ્યભાવની સાથે દૃઢતાથી કર્યો. અને ત્યારે એક ગુણીને બદલે બે ગુણી ખભે ચઢાવનાર સાધુનો અવગુણ લેવાને બદલે એમણે ગુણ લીધો કે, મને એક ફેરામાં બે ફેરાના પુણ્યની કમાણી કરવામાં તેઓ મદદરૂપ થાય છે – આ ભગતજી મહારાજ હતા !

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કૃપા કરીને આપણને સૌનેય જેમના સાંનિધ્યનું સુખ સુલભ કરી આપ્યું એવા ગુરુહરિ સાહેબદાદાના શ્રીચરણોમાં નવા વર્ષે મંગલ પ્રાર્થના કરું છું કે, જેટલું જાણીએ છીએ, જેટલું સમજીએ છીએ, જેટલો બીજાને સમજાવવાનો આગ્રહ રાખીએ છીએ, એની સાથે સાથે સ્વાધ્યાય માટે 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે' એ અમારો સિલેબસ છે. અને અંતરને કાયમ ટાઢું રાખવા માટે પણ ગુણાતીતાનંદ સ્વામીએ બહુ સુંદર વાત સમજાવી છે કે, 'અંતર ટાઢું રહે અને ધગી ના જાય એના બે ઉપાય છે. તેમાં પહેલો ઉપાય સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એમ ભજન કરવું.' 'ભજન કરતાં કરતાં ક્રિયા કરે તો અંતર ટાઢું રહે' અને 'અંતર ધગી જાય તો તેને ટાઢું કરવા માટે પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરે'; આ સુંદર ગણિત છે ને આ આપણો સુંદર સિલેબસ છે !

એવા ભજનિક ના થવાયું અને ભજન કરતાં કરતાં ક્રિયા પણ ના થઈ અને ક્રિયારૂપ થઈ ગયાં એટલે એનાં લેખાંજોખાં થયાં, લાભ-ગેરલાભ, ફાયદો-ગેરફાયદો બધાં જ કૅલ્ક્યુલેશન થયાં; તો બીજો રસ્તો બતાવ્યો કે, 'કર્તા-હર્તા પ્રભુ છે, તેઓ જે કરતા હશે તે ઠીક જ કરતા હશે.' કારણ કે, દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં. અને હું એમનો દાસ છું, એમનો સેવક છું, એમનો શિષ્ય છું તો તેઓ દ્વારા મારી આજુબાજુનાં સમય, સંજોગો, પરિસ્થિતિમાં જે કંઈ પણ થઈ રહ્યું છે એ મારા હિતને માટે, મારા રૂડાને માટે, મારા ઘડતરને માટે તેઓ કરી-કરાવી રહ્યા છે તેમ માનવું. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો આ પાયાનો સિદ્ધાંત છે કે, પ્રભુ કર્તા-હર્તા છે. એટલે જ્યારે ક્રિયારૂપ થઈને કાર્ય કરીએ તો કર્તાપણાનો ભાવ આવે, પણ મૂર્તિના અનુસંધાન સાથે એમણે સોંપેલી ક્રિયા કરીએ તો મૂર્તિરૂપ થવાય. આવો ઉત્તમ સ્વાધ્યાય ગુરુહરિ સાહેબદાદાએ આપણને આ વર્ષે આપ્યો છે.

તેથી પહેરીએ-ઓઢીએ, નાચીએ-કૂદીએ, હરીએ-ફરીએ, આનંદ-પ્રમોદ કરીએ; પણ મારા ગુરુ રાજી થાય, મારા પ્રભુ રાજી થાય એમાં જ મારો રાજીપો છે. અને જેનાથી તેઓ રાજી નથી, પ્રસન્ન નથી અને જેનાથી એમની કૃપા મારા પર વરસવાની નથી – એવું મારાથી કદી ના વિચારાય, વાણીના માધ્યમ દ્વારા કદી ના બોલાય કે મારા જીવન વ્યવહાર દ્વારા એવું કદી ના કરાય એ આપણી આધ્યાત્મિક પવિત્રતા છે.

આજના પરમ મંગલકારી અને દિવ્ય દિવસે આપણે આ રૂડો સંકલ્પ કરીએ છીએ કે, અમને અમારાંપણાના ભાવમાંથી પાછા વળવાની જાગ્રતતા આપજો અને અમને આપની પ્રભુતાના ભાવમાં વધારે ને વધારે ડૂબતાં શિખવાડજો, ડુબાડજો, કૃપા કરજો તેવી મંગલ પ્રાર્થના સાથે નવા વર્ષના મંગલ પ્રભાતે આપને સર્વને હૃદયપૂર્વકના ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! ◆

# Why Repair Matters More Than Perfect Parenting

~ **Saheli Sheth** (Peoria, USA)

"I'm sorry." My mom stood uneasily in the doorway of my room with my diary in her hands. In it were the stories and secrets that I, 13 years old at the time, had poured into it. She looked at me sincerely and continued, "I'm so sorry that I read your diary. I saw it while cleaning and became curious, but I shouldn't have done that." Before leaving the room, she praised my writing and gently pointed out the strengths in what she had read.

As I sat there alone, I expected to feel violated, or mad at the very least, but I didn't. **What my mother had beautifully done is something called "repair"**[1]: she repaired her relationship with me. She knew she had done something hurtful and admitted that it was wrong. **In doing so, she gave me a healthy blueprint for what was okay and not okay in how I should be treated.** Although she was an adult and I was just a child, my mom was the first adult I remember who ever apologized to me.

We may have grown up with the teaching that parents and elders are always right. And while there are virtues to this value system, **our gurus are a prime example of staying humble, regardless of their greatness**. Our gurus teach us these values by folding their hands or saying, "Forgive us for any mistakes." They bow down to any devotee, even those younger than them. This humility is one of the many reasons why their presence feels so safe. When adults own their mistakes, they encourage children to feel safe coming to them when *they* make mistakes, too.

But showing this humility in real life can be so hard! Because of our human ego, it may be difficult to acknowledge that our actions sometimes hurt our kids. Yet if we, as parents, challenge our egos and practice humility in action, then our children will learn to do the same.

This idea is echoed by psychologist Dr. Becky Kennedy in her must-watch TED Talk called "The Single Most Important Parenting Strategy." Her message is simple: **"Get good at repair."** She defines "**repair**" as taking ownership of our actions and acknowledging how they may have hurt someone. She emphasizes that repair is *more* than just apologizing.

[1]Repair is for moments when we objectively do something hurtful, such as taking our stress out on our kids or calling them negative words. In some situations, parents will need to set rules or limits that may upset the child; this is part of effective parenting and teaches them discipline, so repair does not apply.

**A GOOD REPAIR**

| ✗ What **not** to do | ✓ What to do instead |
|---|---|
| Focus on our own feelings → "**I feel so bad**, I'm so sorry!" | Focus on our kids' feelings → "I'm sorry I yelled. **That might have been scary for you.**" |
| Focus on how our child's actions caused our reaction → "**If you had just listened to me,** I wouldn't have gotten mad at you." | Take ownership of our own actions → "I realize now that I overreacted, and **I should have stayed calm** and listened to your side of the story." |

An example of when repair becomes essential is after yelling at a child. Most parents at some point will yell at their kids; it happens. **What's most important is what happens *after* yelling.** That's where repair comes in.

The first step in repairing is to be kind to ourselves. This could be as simple as saying, "Wow, I was really overwhelmed. Mistakes happen." When we extend kindness to ourselves first, we're better able to offer that same compassion to our kids and move forward in taking ownership of our actions.

When parents and caregivers make repairs, kids are able to stop blaming themselves. If a parent *doesn't* acknowledge the harm caused, **a child often turns that pain inward:** "I messed up and got yelled at. I keep doing everything wrong." ***But when a parent steps in and takes ownership, the child is able to release their self-blame.***

By practicing repair, you are first giving grace to the God within you, and then humbly mending your relationship with the God within your child.

*Here are a few gentle questions that parents can reflect on or discuss:*

1. *Can you think of a time when a parent or elder acknowledged their mistake or apologized to you, whether through words or through actions, like showing love and care? How did that impact your relationship with them?*
2. *Reflecting on your childhood, how did you feel if an elder yelled at you? What would have made that experience better for you?*
3. *How can parents model humility in daily life?* ◆

# પૂજ્ય શાંતિદાદા સાથે અમારા પરિવારની આધ્યાત્મિક જીવનયાત્રા

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**એક** વખત સંતભગવંત સાહેબજીએ મને વહાલથી કહ્યું કે, આગામી અંકનો તારો લેખ તું "**ભગવાનધારક સંત સાથે જોડાયા પછી જીવનમાં કેવાં પરિવર્તન થાય છે** અને તેનું શ્રેષ્ઠ ઉદાહરણ કેમ તારા પપ્પા છે." તેના પર લખ.

સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય શાંતિદાદા જો અમારા જીવનમાં આવ્યા ના હોત તો અમારું જીવન કેટલું અલગ હોત તેની કલ્પના કરતી વખતે મારી આંખોમાં આંસુ આવી ગયાં. શાંતિદાદાએ મારા પપ્પાને તેઓની **લાગણીઓને સંયમમાં રાખવા માટે ભગવાન પર શ્રદ્ધા રાખવાની સમજ** આપી.

શાંતિદાદા સાથે દઢ જોડાણ થયા પછી મારા પપ્પા મારા માટે શાંતિનો આધાર બન્યા અને જ્યારે પણ મારે સમતામાં-સ્થિર રહેવાની જરૂર હોય છે ત્યારે હું તેઓની પાસે જાઉં છું. સત્સંગે તેઓને શીખવ્યું કે, 'તમે જ્યારે **ગુસ્સામાં હોવ** ત્યારે તરત જ કોઈ પ્રત્યુત્તર ના આપો, પણ ત્યારે મનમાં ૧૧ વખત સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... બોલો તો એટલીવારમાં ગુસ્સો આપોઆપ ઓછો થઈ જશે.'

કૉલેજકાળ દરમિયાન અમે અમારા ઘરથી બે કલાકના અંતરે આવેલા કૅમ્પસ ઍપાર્ટમૅન્ટમાં રહેતાં. ત્યાં અમે રાત્રે સુરક્ષિત અને સલામત છીએ કે કેમ ? તેની ખાતરી કરવા માટે પપ્પા મૉબાઈલમાં વખતોવખત અમારું લોકેશન ચેક કર્યા કરતા. પરંતુ, હવે તેઓ પોતાની ચિંતા દૂર કરવા માટે અમારા માટે પ્રાર્થના કરે છે અને બધું ભગવાન પર છોડી દે છે. આમ પણ, હકીકતમાં જો અમારી સાથે કંઈ પણ બનત તો ઘરેથી બે કલાક ડ્રાઈવ કરીને તેઓ તરત તો અમારે ત્યાં પહોંચી શકવાના નહોતા. તેથી હવે તેઓ શ્રદ્ધા અને વિશ્વાસ રાખે છે કે, જરૂર પડશે ત્યારે ભગવાન જ કોઈને મોકલી આપશે. આ જ તો, 'તમે નિશ્ચિંત રહેજો, તમારી દીકરીઓની જવાબદારી હવે મારી છે' તેવા શાંતિદાદાના આશીર્વાદનું પરિણામ છે !

વર્ષ ૨૦૦૮માં યુ.એસ.એ.માં આવેલી આર્થિક મંદી દરમિયાન એક નાણાંકીય સલાહકાર તરીકે મારા પપ્પાને થતા તણાવની મને સ્મૃતિ થાય છે. પરંતુ ત્યારે સમતાના મૂર્તિમંત સ્વરૂપ એવા શાંતિદાદાએ પપ્પાને કોઈ પણ પરિસ્થિતિમાં સ્થિર રહેવાનાં માર્ગદર્શન આપ્યાં. હવે જ્યારે પણ શેરબજાર ઊંચું જાય છે ત્યારે, પપ્પા હળવેથી ગણગણે છે કે, 'મહારાજની ઈચ્છા !' અને જ્યારે શેરબજાર નીચું જાય છે ત્યારે પણ તેઓ ભગવાનને વંદન કરીને કહે છે કે, 'મહારાજની ઈચ્છા' ! **પરિસ્થિતિ સવળી હોય કે વિપરીત હોય, સર્વકર્તા ભગવાન છે.** આ પરમ સત્યે પોતાની કારકિર્દી પ્રત્યેના અને સમગ્ર જીવન પ્રત્યેના તેઓના અભિગમમાં ધરખમ ફેરફાર કરી દીધો છે.

શાંતિદાદાના આશીર્વાદથી અમારા પારિવારિક સંબંધોમાં પણ સુંદર પરિવર્તન આવ્યાં છે. મારા પપ્પા અમને દીકરીઓને એવી રીતે સાંભળે છે કે જાણે અમારાં દ્વારા ભગવાન બોલી રહ્યા હોય. તેઓ અમને માત્ર પોતાનાં સંતાનો તરીકે જોવાને બદલે, અમારી અંદર રહેલા ભગવાનને જુએ છે અને અમારાં સૂચનોને ખુલ્લા દિલે સ્વીકારે છે, જાણે કે તે ખુદ ભગવાન તરફથી આવ્યાં હોય.

શાંતિદાદાએ અમને વિનમ્રતા અને આદર રાખતાં શીખવ્યું છે. ક્યારેક જો પપ્પા મારી મમ્મીની થાળીમાં આગલા ટંકનું વધેલું ભોજન જુએ તો તે તેઓ પોતાની થાળીમાં લઈ લે કે જેથી મમ્મી તાજા ભોજનનો આનંદ માણી શકે. વળી, તેઓ હંમેશાં જમવાના ટેબલ પર મમ્મીની રાહ જુએ કે જેથી સાથે જમી શકાય અને તે માટે તેઓ ૨-૩ વખત મમ્મીને બોલાવે ને જ્યાં સુધી મમ્મી આવીને બાજુમાં જમવા ના બેસે ત્યાં સુધી એક કોળિયો પણ ના ભરે. કારણ કે, શાંતિદાદાએ પરિવારનાં અમને સૌને સુમેળતાથી સાથે ભોજન કરવાની શીખ આપી છે.

શાંતિદાદાના સમાગમના પરિણામે મારા પપ્પાએ મને જે ભેટ આપી તે માત્ર '**પ્રભુ પર શ્રદ્ધા રાખવી**' તે જ નથી, પણ તેઓએ મને એક માતા-પિતા પોતાના સંતાનને આપી શકે એવી ભેટોમાંથી એક મહત્ત્વની ભેટ આપી : **ભાવનાત્મક સ્થિરતાની.** મને ભગવાન અને ગુરુના સામર્થ્યમાં વિશ્વાસ છે તે માત્ર મારા પોતાનામાં થયેલા પરિવર્તનને જોઈને નહિ, પણ હું મારા પપ્પામાં થયેલા પરિવર્તનને જોઈ શકું છું તેના કારણે છે. પહેલાં મારો ઉછેર એક સામાન્ય માણસનાં હોય તેવાં માતા-પિતા દ્વારા થતો હતો. અને હવે મારાં માતા-પિતા રોજ ભગવાનનાં બળ અને પ્રેરણા ઝીલીને જીવન જીવે છે, ત્યારે મારો ઉછેર જાણે સ્વયં ભગવાન દ્વારા થઈ રહ્યો છે તેવો મને અનુભવ થાય છે. આપણે આપણાં સ્નેહીજનોને એક અમૂલ્ય ભેટ એ આપી શકીએ કે આપણે આપણો પોતાનો નાતો ભગવાનધારક સંત સાથે જોડાયેલો રાખીએ અને ભગવાનધારક સંતનો સમાગમ રાખીને આ ભૌતિક જીવનને દિવ્યતાના રંગોમાં રૂપાંતરિત થતું નિહાળીએ. ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-નવેમ્બર ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી

**૧ નવેમ્બર, શનિવાર...** સવારે વલ્લભવિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી મહારાજના ૧૦૮મા પ્રાગટ્યદિન નિમિત્તે યોજાયેલ 'શાશ્વત સંકલ્પ પર્વ' સભામાં પધારી સૌને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨ નવેમ્બર, રવિવાર...** સવારે વલ્લભવિદ્યાનગર ગુણાતીત જ્યોતનાં મહંત પરમ પૂજ્ય હંસાદીદીના ૯૧મા પ્રાગટ્યદિન 'પ્રેરણા પીયૂષ પર્વ'માં પધારી આશીર્વાદ આપ્યા. બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી મહારાજના નિવાસસ્થાન-'પ્રભુકૃપા'માં પધારી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. પ્રબોધિની એકાદશીના મંગલપર્વે સાંજે 'અક્ષરમહોલ'માં પધારી શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવેલ કલાત્મક સુશોભિત શાકોત્સવનાં દર્શન કર્યાં. સભામાં સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી શયન આરતીનો લાભ લીધો.

**૩ નવેમ્બર, સોમવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સભામાં ભક્તોને આશીર્વાદ આપ્યા. દિલ્હી પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીના સ્વાસ્થ્યલાભ માટે મળવા-દર્શન કરવા પધારતા હોવાથી સૌની ભાવભરી વિદાય લઈ વડોદરા ઍરપોર્ટ પધાર્યા. સ્થાનિક ભક્તોએ ભાવથી સત્કારી પુષ્પહાર અર્પણ કર્યા, તેઓ સૌને આશીર્વાદ પાઠવ્યા. વડોદરા ઍરપોર્ટના ડાયરેક્ટરશ્રી દાઉદ સૈઈદીને મુલાકાત, આશીર્વાદ પાઠવી ફ્લાઇટમાં દિલ્હી પ્રતિ પ્રયાણ કર્યું. દિલ્હી ઍરપોર્ટ ઉપર શ્રી પૃથ્વીભાઈ, પૂ. સુહૃદ સ્વામી, પૂ. વત્સલ સ્વામી અને ભક્તોએ સ્વાગત કર્યાં. મંદિરે પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી અને સંતો, પ.પૂ. આનંદીદીદી અને બહેનો તથા ભક્તોએ ભાવથી સત્કાર્યા. પ.પૂ. ગુરુજી સાથે સ્વાસ્થ્યલાભ માટે ગોષ્ઠિ કરી. ત્યારબાદ સૌ સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૪ નવેમ્બર, મંગળવાર...** દિલ્હી મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો. સાંજે સભામાં શ્રી પૃથ્વીભાઈ સાથે બોલિવૂડ ફિલ્મ ઍક્ટર રાહુલસિંહ અને આત્મદયાળજી સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. સભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૫ નવેમ્બર, બુધવાર...** દિલ્હી મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, પ.પૂ. ગુરજી અને સૌ સંતો, સંત બહેનો અને સ્થાનિક ભક્તોની ભાવભરી વિદાય લઈને દિલ્હી ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું. ઍરપૉર્ટ પર ઉપસ્થિત ભક્તોને દર્શન-આશીર્વાદ આપી ફ્લાઇટમાં અમદાવાદ પ્રતિ પ્રયાણ કર્યું. અમદાવાદ ઍરપૉર્ટ ઉપર સાધુ પૂ. ગૌતમદાસજી અને ભક્તોએ સ્વાગત કર્યાં. 'ઉપાસના ધામ' પરિસરમાં યુવતીઓએ સ્વાગતનૃત્યના ભાવ રજૂ કર્યા તથા સૌ સંતો-ભક્તોએ ભાવથી સત્કાર્યા. મંદિરજીમાં અન્નકૂટોત્સવ અને શાકોત્સવનાં દર્શન કરી સભામાં પધારેલા સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. સભામાં યુ.કે. મંદિરના ભક્તરાજ પ્રદીપભાઈ ધામેચાને સત્કારી આશીર્વાદ આપ્યા. અન્નકૂટોત્સવ તેમજ શાકોત્સવમાં જેઓએ સેવા અર્પણ કરી તેઓ સૌને પ્રસાદ આપી આશીર્વાદ આપ્યા. સૌ ભક્તોની વિદાય લઈ મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા.

**૬ નવેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધાર્યા. પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીના સ્વાસ્થ્યના સમાચાર સૌને જણાવ્યા. મુંબઈ અન્નકૂટોત્સવ સંપન્ન કરી સદ્ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદા અને સંતો પધાર્યા, તેઓ સૌનાં સ્વાગત કર્યાં.

**૭ નવેમ્બર, શુક્રવાર...** 'અક્ષરમહોલ'માં અ.નિ. કાન્તિભાઈ ખંભાઈતાની ત્રયોદશીની મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. નિજ મંદિરજીમાં રાજભોગ આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા પધારેલા સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કર્યાં.

**૮ નવેમ્બર, શનિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૯ નવેમ્બર, રવિવાર...** શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગમાં પધારી યજમાન ભક્તો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. નિજ મંદિરજીમાં આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૦-૧૧ નવેમ્બર, સોમવાર-મંગળવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત સૌ સેવકોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ નવેમ્બર, બુધવાર...** સાંજે 'તીરથ'માં યોજેલ સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. સભાને અંતે યુ.કે. નિવાસી વિજયભાઈ ઠક્કરના દીકરા અ.નિ. પૂ. રોનકની સ્મૃતિમાં તેઓએ તૈયાર કરાવેલ જેકેટ સૌ સંત ભાઈઓને અર્પણ કર્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૩ નવેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ નવેમ્બર, શુક્રવાર...** પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીનાં દર્શન અને સ્વાસ્થ્યલાભ માટે દિલ્હી પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૫ નવેમ્બર, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ નવેમ્બર, રવિવાર...** શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગમાં પધારી યજમાન ભક્તો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. બ્રહ્મજ્યોતિ નિવાસી ચિમનભાઈ-રમીલાબહેનની પૌત્રીનાં લગ્ન નિમિત્તે દર્શનાર્થે પધારેલ દીકરી જૈમિનીબહેન અને પરિવારજનોને આશીર્વાદ આપ્યા. દિલ્હીથી પરત પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં સ્વાગત કર્યાં. નિજ મંદિરમાં આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૭ નવેમ્બર, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. નૂતનવર્ષ નિમિત્તે મોગરીમાં કીકુભાઈ-નીરુબહેન, ડાહ્યાકાકા-નીરુબહેન, મહેશભાઈ-નિકીતાબહેન, કૃણાલભાઈ-ઊર્જાબહેન, ભદ્રેશભાઈ-જ્યોતિબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. વલ્લભવિદ્યાનગરમાં સંજયભાઈ-જૈમિની (મુન્ની)બહેનના ઘરે પધરામણી કરી સંજયભાઈ અને લીલાબાના સ્વાસ્થ્યલાભ માટે ધૂન-પ્રાર્થના કરી. રાજુભાઈ-આશાબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ નવેમ્બર, મંગળવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. આણંદ-વલ્લભવિદ્યાનગરમાં હિતેશભાઈ-ભારતીબહેન, ભીખુભાઈ-જાગૃતિબહેન, અંકિતભાઈ-સ્નેહાબહેન, મહેન્દ્રભાઈ-ગીતાબહેન, અંબુભાઈ-ઊર્મિલાબહેન, રજનીભાઈ-પરેશાબહેન આદિ ભક્તોનાં ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા.

**૧૯ નવેમ્બર, બુધવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. નૂતનવર્ષ નિમિત્તે સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજી અને સંતોએ દર્શનાર્થે પધારી રાજભોગ આરતી અર્પણ કરી. સભામાં આશીર્વાદ પાઠવ્યા. સાંજે શાંતિમામાના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધરામણી કરી, ઘરમંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના-આરતી અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ નવેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. પેરિસથી પધારેલાં બકુલભાઈ-રીનાબહેન અને પરિવારજનોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. તેઓના ઘરમંદિર માટે તૈયાર થયેલ મૂર્તિઓનાં પૂજન-પુષ્પાંજલિ અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ નવેમ્બર, શુક્રવાર...** શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં રૂટિન મૅડિકલ ચૅક-અપ માટે પધાર્યા. ત્યાં સારવાર લઈ રહેલ ભારતીબહેન ગોસ્વામીના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી ધૂન-પ્રાર્થના કરી.

સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૨ નવેમ્બર, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'પારમિતા' સભાખંડમાં યોજેલ 'શ્રી યોગીઆજ્ઞા યુવાવર્તન શિબિર'ના પ્રથમ સત્રમાં વિવિધ કેન્દ્રોમાંથી પધારેલા સંતો અને સક્રિય કાર્યકર્તાઓને માર્ગદર્શન-આશીર્વાદ પાઠવ્યાં. સાંજે મંદિરજી પ્રાંગણમાં સંતો, કાર્યકર્તા અક્ષરમુક્તો સાથે ગ્રુપ ફોટા માટે પધારી, સૌને વિશેષ સ્મૃતિ આપી. સાંજે શિબિરના દ્વિતીય સત્રમાં પધારી પ્રાદેશિક સંતોના પ્રતિભાવ સાંભળ્યા અને માર્ગદર્શન-આશીર્વાદ આપ્યાં. 'અક્ષરમહોલ'માં આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રે શિબિરના તૃતીય સત્રમાં પધારી 'સ્વામિનારાયણ પ્રકાશ' સામયિકમાં યોગીજી મહારાજના જીવન આધારિત પ્રકાશિત થયેલ લેખનાં વાંચન સાથે અદ્‌ભુત નિરૂપણ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ નવેમ્બર, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. શિબિરના ચતુર્થ સત્રમાં પધારી કાર્યકર્તાઓના પ્રતિભાવ સાંભળી માર્ગદર્શન આપ્યાં. જાણીતાં ગાયક જાનકીબહેન મીઠાઈવાલા અને ગ્રુપને દર્શન-આશીર્વાદ આપ્યાં. સાંજે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તનસંધ્યામાં પધારી જાનકીબહેનના સૂરવૃંદ દ્વારા પ્રસ્તુત કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ નવેમ્બર, સોમવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ નવેમ્બર, મંગળવાર...** 'પારમિતા' સભાખંડમાં પધારી અયોધ્યામાં શ્રી રામમંદિરના ધ્વજારોહણનાં લાઈવ પ્રસારણનો લાભ લીધો. ભરતભાઈ કઢીવાલા-અમિષાબહેન તેઓના દીકરાનાં લગ્ન નિમિત્તે કંકોતરી અર્પણ કરવા, દર્શનાર્થે પધાર્યા, તેઓનાં પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધાર્યા. સભામાં વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ નવેમ્બર, બુધવાર...** 'તીરથ'માં અઠવાડિક સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ નવેમ્બર, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા. રિચમંડ-અમેરિકાથી પધારેલ શિવમનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ નવેમ્બર, શુક્રવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૯ નવેમ્બર, શનિવાર...** મંદિરજીમાં રાજભોગ આરતી અર્પણ કરી, શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. આર્મીની E.M.E. કૉલેજના લૅફ્ટનન્ટ જનરલ શ્રી અરવિંદ મહાજનને સત્કાર્યા તેમજ આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ નવેમ્બર, રવિવાર...** 'અક્ષરમહોલ'માં શ્રી અભિજાતભાઈ (ચૅરમૅન, નૅશનલ મૅડિકલ કમિશન), શ્રી અમિતભાઈ (સેક્રેટરી, ચારુતર આરોગ્ય મંડળ), શ્રી જિતેશભાઈ (સુપ્રિન્ટેન્ડન્ટ, શ્રી કૃષ્ણ હૉસ્પિટલ)નાં સ્વાગત અને અભિવાદન કરી આશીર્વાદ પાઠવ્યા. 'શ્રી યોગી આરોગ્ય કેન્દ્ર'માં સ્પાઈન સંબંધી પીડાનાં નિવારણ માટે અમદાવાદના જાણીતા ડૉ. ભરતભાઈ દવે અને તેઓની ડૉક્ટર્સની ટીમે દર્દીઓને તપાસી-નિદાન કરી યોગ્ય સારવાર આપી. સાંજે સભામાં તેઓ સૌનાં સ્વાગત-સન્માન કરી આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ◆

નૉરવૉક-LA મંદિરે શ્રી ઠાકોરજીની સેવામાં પધારતા સંતોને આશીર્વાદ

# સત્સંગ સમાચાર

## એકતા યાત્રા

ભારતના લોખંડી પુરુષ, રાષ્ટ્રીય એકતાના સૂત્રધાર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ૧૯ નવેમ્બરના રોજ આણંદથી સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી ૧૫૦ કિ.મી.ની પદયાત્રા યોજાઈ. આણંદના શ્રી સરદાર પટેલ સ્ટેચ્યૂથી 'એકતા રેલી' આરંભ પામી. આ પ્રસંગે ઉપસ્થિત આણંદ લોકસભા વિસ્તારના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, વિધાયક શ્રી યોગેશભાઈ પટેલ, આણંદ ભાજપ જિલ્લા પ્રમુખ શ્રી સંજયભાઈ પટેલ, પૂ. ભગવતચરણ સ્વામી (બી.એ.પી.એસ.), સાધુ પૂ. પીટરદાસ (અનુપમ મિશન), શ્રી પ્રવીણ ચૌધરી (કલેકટરશ્રી, આણંદ), જિલ્લા પોલીસ વડા શ્રી જી. જી. જસાણી આદિ મહાનુભાવોએ એકતા યાત્રાને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું. આ એકતા યાત્રામાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો જોડાયાં ત્યારે વાતાવરણ કોમી એખલાસભર્યું બની ગયું. આ યાત્રાનું ઠેરઠેર ભવ્ય સ્વાગત કરાયું. ◆

## શ્રી યોગીઆજ્ઞા યુવાવર્તન શિબિર

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૨૨-૨૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન અનુપમ મિશન-ભારતના વિવિધ પ્રદેશોના ૧૫૦થી વધુ સક્રિય યુવા કાર્યકર્તાઓની શિબિર યોજાઈ. બાળ-યુવા પ્રવૃત્તિ સઘન રીતે સર્જનશીલતા સાથે આગળ વધે તથા તેને વધુ રુચિકર ને રસપ્રદ બનાવી, તેમાં સહભાગિતા સક્રિય થાય તે હેતુથી આ શિબિર યોજાઈ.

ગુરુહરિ સાહેબદાદાની પ્રેરણા મુજબ સૌ શિબિરાર્થીઓના શિબિર સ્થાન-'પારમિતા' સભાખંડમાં પૂજન-વંદન કરી ભાવથી સત્કાર કરી આવકારવામાં કરવામાં આવ્યા. શિબિર પ્રારંભે શિબિરહેતુની સમજ સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આપી. સર્વ મંડળોમાં-પ્રદેશોમાં ૫થી ૧૨ વર્ષનાં બાળકો, ૧૩થી ૧૭ વર્ષનાં કિશોર-કિશોરીઓ અને ૧૮થી ૪૦ વર્ષનાં યુવાનો-યુવતીઓ માટે અલગ અલગ સભાઓ તથા પ્રવૃત્તિઓનાં આયોજન કરવા

એકતા યાત્રાનો આરંભ કરાવતા સંતો, મહાનુભાવો

જણાવ્યું. આ ઉપરાંત અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં મંદિરો, ઉપાસના ધામો, કેન્દ્રોમાં AMCARES-Anoopam Mission Community centre for Advancement Recreation Enlightnment Services અંતર્ગત યુવાનોને જીવનમાં ઉપયોગી થાય, રસપ્રદ હોય તેવી વિવિધ સમાજોપયોગી સેવાકીય પ્રવૃત્તિઓનાં આયોજન દ્વારા આજની યુવાપેઢી ઉપાસના ધામો, મંદિરો સાથે જોડાય અને તેઓમાં વિવિધ કૌશલ્યો, મૂલ્યોનાં સંવર્ધન થાય તે માટેની વિસ્તૃત સમજ અને માર્ગદર્શન આપ્યાં.

ત્યારબાદ યુવાનેતાઓએ વિવિધ પ્રદેશોમાં થતી બાળ-યુવા પ્રવૃત્તિઓનો ચિતાર પ્રસ્તુત કર્યો. સંતભગવંત સાહેબજીની અનુવૃત્તિ સમજી તેઓના કાર્યમાં અતિ દૃઢતાપૂર્વક જોડાવા પ્રાદેશિક સંતો પૂ. યજ્ઞેશદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. રમેશદાસજી (ઝા), પૂ. દિવ્યેશદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. હરેશદાસજીએ સુંદર માર્ગદર્શન આપ્યાં, બળ પ્રેર્યાં.

બાળ-યુવા પ્રવૃત્તિ ઉત્કર્ષ અંતર્ગત પ્રાદેશિક સંતો સાથે ગ્રુપ ગોષ્ઠિનો પણ અભૂતપૂર્વ લાભ સૌએ મેળવ્યો. આ ગોષ્ઠિ તપોભૂમિ બ્રહ્મજ્યોતિનાં ૮ જુદાં જુદાં પ્રાસાદિક સ્થળોએ ૮ અલગ અલગ વિભાગમાં યોજાઈ. શિબિર દરમિયાન સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો પણ અલૌકિક લાભ પ્રાપ્ત થયો. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી યુવા કાર્યકર્તાઓને ગુરુદેવના કાર્યને, ગુરુહરિની રીતે, પ્રભુને પ્રસન્ન કરવા અંગે સંકલ્પબદ્ધ થવા અદ્ભુત સમજ સાથે માર્ગદર્શન આપ્યાં :

૧. યોગીજી મહારાજની આજ્ઞા હતી તે મુજબ અઠવાડિક સત્સંગ સભા નિયમિત અને સક્રિય રીતે ભાગ લેવાનો દૃઢ સંકલ્પ કરીએ.

૨. મંદિરની, સંતોની અને સત્સંગની આવશ્યકતા છે તે વાતને ગંભીરતાથી વિચારીએ. બાળક સંસ્કારી બને તે માટે ધર્મ એનો પાયો છે, મંદિર તેનું સ્થાન છે અને સંતો એ માટેના શિક્ષક-માર્ગદર્શક છે. એટલો જ રોલ માતા-પિતાનો પરિવાર માટે રહેલો છે.

૩. આપણે સક્રિય થઈએ, સંતોની સાથે ખભેખભા મિલાવીને અને તેઓને આગળ રાખીને સત્સંગના માધ્યમ દ્વારા થતી સંસ્કારસિંચનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા સંકલ્પબદ્ધ બનીએ.

૪. માતા-પિતા કે સંતોના કહેવાથી મંદિરે સેવામાં, સભામાં આવતા યુવાનો આપણું ભવિષ્ય છે. તેમને વધારે રસ પડે, તેઓ વધારે સક્રિયતાથી ભાગ લઈ શકે તેવી પ્રવૃત્તિઓ આપણાં કેન્દ્રો પર થાય તેની જવાબદારી મંડળના કાર્યકર્તાઓ, આદરણીય વડીલો અને પ્રમુખશ્રીઓ, સક્રિય યુવાનો-યુવતીઓ અને પ્રાદેશિક સંતોની છે.

૫. સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી તરીકે આપણો ધર્મવારસો સારી રીતે નિભાવીએ એવું આપણું જીવન બને. આપણા વિચાર, આપણો

આહાર-વિહાર, આપણો વ્યવહાર પરિવારમાં, સમાજમાં અને સત્સંગમાં ક્યાં અને કેવો છે તેની અંતર તપાસ કરવાની આપણે ગાંઠ વાળીએ.

સંતભગવંત સાહેબજીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં સપ્ટેમ્બર માસના 'સ્વામિનારાયણ પ્રકાશ'ના અંકમાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. મહંત સ્વામી મહારાજ અને પ.પૂ. ડૉક્ટર સ્વામી લિખિત લેખનાં વાંચન કરી માર્મિક માર્ગદર્શન આપ્યાં. ગુરુદેવ યોગીજી મહારાજના જીવન અને ભીડા-ભક્તિનું દર્શન કરાવ્યું તથા તેઓના જીવનપ્રસંગો પરથી શીખ મેળવી, વર્તમાન સમયમાં સકારાત્મક અભિગમ રાખી, ભગવદ્ કાર્યોમાં સમર્પણ ધરવાની ભાવનાને દઢ કરાવી :

૧. હું ભગવાનનો છું અને ભગવાનના કામ માટે તેઓ મને સાથે લાવ્યા છે, તો ભગવાનનું કામ હોય ત્યારે બીજું બધું ગૌણ થઈ જવું જોઈએ. જ્યારે હાકલ પડે ત્યારે પહોંચી જાય તે સાચો કાર્યકર્તા.

૨. સત્સંગમાં પોતાની જાતે બધી પ્રવૃત્તિ ના કરવી, સાધુની આજ્ઞા લઈને કામ કરવું. આપણે હઠ, માન અને ઈર્ષ્યાના ભાવો મૂકવા.

૩. આપણી અક્ષરપુરુષોત્તમની ઉપાસના છે અને એ પ્રગટની ઉપાસના છે.

૪. કોઈ દોષે કરીને નહિ, પણ અભાવ-અવગુણ-ખટપટ-નિંદા-માથાકૂટ કરવાથી જ સત્સંગમાંથી પડાય છે.

૫. સંતોએ દેહ પછાડીને ટીમસ્પિરિટથી સેવાઓ કરી છે, ગુરુની આંખ ફરકે ને સંતોનાં શરીર કામ કરે-આવા આપણા સંતો છે. અનુપમ મિશનના પાયામાં તેઓ હોમાઈ ગયા છે. વડીલ સંતો સદ્ગુરુ કક્ષાના છે, તેઓની આજ્ઞામાં રહીને નિર્દોષબુદ્ધિ રાખીને પ્રવૃત્તિ-સેવાઓ કરવી.

૬. આપણો જન્મ ભગવાનને રાજી કરવા થયો છે. ભગવાનને રાજી કરવા ગુરુની આજ્ઞાથી, ગુરુહરિની રીતે સંપ, સુહૃદભાવ, એકતાથી કાર્ય કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે.

૭. અક્ષરધામમાં છે તે મહારાજ આ સંતો દ્વારા પ્રગટ છે એવું માનવું એ નિર્દોષબુદ્ધિ ! દેહ મૂકીને જેને પામવા હતા તે છતી દેહે મળ્યા છે, કરોડ વ્રત, કરોડ તપ, કરોડ યજ્ઞ કરીને જે પ્રભુની પ્રાપ્તિ કરવી હતી તે પ્રભુ મને આ સંતો દ્વારા મળ્યા છે. અને એમના સંબંધવાળામાં ભગવાન કામ કરી રહ્યા છે, તેઓ જે કરે છે તે નિર્દોષ છે; એવું જે નથી મનાવા દેતા એ મારા દોષ છે, તેનાથી પ્રારબ્ધ ઊભું થાય છે.

૮. ભગવાન કહે, મારો આશરો, સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો પ્રારબ્ધ ભૂંસાઈ જાય.

૯. આધ્યાત્મિક ક્ષેત્રમાં બીજાનો ગુણ જોવો અને પોતાનો દોષ જોવો એ શૂરવીરતા છે. અને કોઈની ખટપટ-માથાકૂટ ચલાવી ના લેવી તે વિશેષ શૂરવીરતા કહેવાય.

૧૦. હરિભક્તોનાં સંતાનોને સાચવવાં તે કાર્યકર્તાઓ અને સંતોની ફરજ છે. શાળા-કૉલેજમાં અભ્યાસ કરતા સત્સંગના યુવાનોની કાળજી લો. ગૃહસ્થ હરિભક્તોને ખાસ જણાવવું કે, પોતાનાં સંતાનોને સભામાં મોકલે.

૧૧. હરિભક્તો તન-મન-ધન-આત્માથી સુખી રહે અને તેમનું ઘર અક્ષરધામરૂપ થઈ જાય તેવાં બનાવી આપવા સંતોએ પ્રાર્થના કરવી.

૧૩. ૧) અઠવાડિક સભા ૨) અડધો કલાક ધૂન ૩) આવકનો ૧૦મો ભાગ સેવા કરવી; આટલા નિયમ અવશ્ય પાળવા.

ઘણાં કાર્યકર યુવાન-યુવતીઓએ શિબિર અંગે પોતાનાં અનુભવ-દર્શન કરાવી ધન્યતા વ્યક્ત કરી. ખાસ તો, સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સંતોની આગેવાની અને માર્ગદર્શને થતી પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી અને તેમાં સમર્પિત સાથીદારોના મહિમાની અદ્ભુત વાતો કરી.

સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન અનુસાર સાધુ પૂ., પરેશદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, યુવાનેતાઓ દિવ્યાંગભાઈ, સીમાબહેન, ડૉ. પૂર્વીબહેન અને ડૉ. ઋજુબહેને શિબિરનાં સફળ વ્યવસ્થાપન ભક્તિરૂપે કર્યાં. સૌએ સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે અમૃત આનંદની અનુભૂતિ કરી અને નવા ઉમંગ-ઉત્સાહ સાથે, આગામી સમયની માંગ અનુસાર કાર્યપ્રણાલી ઘડી ગુરુની આજ્ઞાનાં પાલન અર્થે સૌ તત્પર થયાં. ◆

## નાની વાવડી સ્થિત મંદિરજીનો પાટોત્સવ

નાની વાવડી, મોરબી ખાતે આવેલ અનુપમ મિશન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૪મો પાટોત્સવ ૨૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ પ્રાદેશિક સંતો સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. અશોકદાસજી (બાબુ), પૂ. ચંદુદાસજી, પૂ. હરેશદાસજી, પૂ. જિજ્ઞેશદાસજીનાં પાવન સાંનિધ્યમાં ઊજવવામાં આવ્યો. આ શુભ પ્રસંગે શ્રી ઠાકોરજીને બહેનો દ્વારા ભાવપૂર્વક તૈયાર કરાયેલ અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરાયો. સાધુ પૂ. અશોકદાસજીએ પાટોત્સવ પૂજા કરાવી. મહેન્દ્રભાઈ લોહ-જિજ્ઞાબહેને મુખ્ય યજમાનપદે બિરાજી લાભ લીધો. સાધુ પૂ. ગૌતમદાસજીએ મૂર્તિની પૂજનવિધિ કરી. શૈલેશભાઈ, મહેશભાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યાં તેમજ સાધુ પૂ. હરેશદાસજી, પૂ. અશોકદાસજી અને પૂ. ગૌતમદાસજીએ આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે અનેક વર્ષોથી મંદિરના પૂજારી તરીકે સેવા આપતા અને નિર્દોષભાવથી સંતો-

નાની વાવડી, મોરબી મંદિરજીના ૨૪મા પાટોત્સવ પ્રસંગે મહાપૂજાવિધિ રત સંતો-ભક્તો

ભક્તોની સેવા કરતા જયેશભાઈનું સન્માન કરાયું. સંતોના આશીર્વાદની છાંયમાં થયેલો આ પાટોત્સવ સૌ માટે અવિસ્મરણીય બની રહ્યો. ◆

## જનમ પટેલની અભૂતપૂર્વ સિદ્ધિ

જનમભાઈએ તાજેતરમાં યુનિવર્સિટી ઑફ પિટ્સબર્ગ દ્વારા આયોજિત સસ્ટેનેબિલિટી ઇન હેલ્થકેર ચૅલેન્જમાં પોતાના પ્રૉજેક્ટ 'ક્લૉઝિંગ ધ લૂપ : અ મલ્ટિલેયર માસ્ક સિસ્ટમ ટુ કૅપ્ચર, કન્વર્ટ ઍન્ડ ન્યુટ્રલાઇઝ ઍનેસ્થેટિક ગેસિસ' માટે રનર-અપ સ્થાન મેળવી ગૌરવ મેળવ્યું છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધાનો મુખ્ય હેતુ આરોગ્ય સેવાઓનાં પર્યાવરણ અને સમાજ પર પડતા પ્રભાવોને ઘટાડવાનો હતો. જનમભાઈ અને ટીમે ઍનેસ્થેટિક ગૅસના નિષ્ફળ વપરાશ, ઊર્જા ઉપયોગ અને ઑપરેટિંગ સસ્ટેનેબિલિટી જેવા મહત્ત્વપૂર્ણ પડકારોને ધ્યાનમાં લઈને નવીન અને અસરકારક ઉકેલ રજૂ કર્યા. તેમનું કાર્ય તબીબીક્ષેત્રના ભવિષ્ય માટે મહત્ત્વનો ફાળો આપે તેવું બની રહેશે.

પિતા ભદ્રેશભાઈ ને માતા ખ્યાતિબહેનના સત્સંગી કુટુંબમાં જનમભાઈ મોટા થયા અને ઍલનટાઉન મંદિરે સંતોના જોગમાં રહ્યા. સક્રિયપણે સત્સંગની યુવાપ્રવૃત્તિના ભાગ બની સંતભગવંત સાહેબજીની પ્રસન્નતા મેળવી. નિષ્ઠા અને પુરુષાર્થના પાઠ પાકા કર્યા, જેનાં ફળ તેઓને પ્રાપ્ત થયાં. તેમના પરિશ્રમ અને નિષ્ઠાપૂર્ણ પ્રયાસો દ્વારા મળેલ આ સિદ્ધિ પર માતા-પિતા, પરિવારજનો અને અનુપમ મિશનને ગર્વ છે. તેઓ સકારાત્મક દૃષ્ટિકોણ રાખી, સૌ સાથે મળી સાચો બદલાવ લાવવા સદાય પ્રયત્નશીલ રહે છે. આવા યોગીના યુવા, સાહેબના તેજસ્વી સેનાનીને આવી અભૂતપૂર્વ સિદ્ધિ બદલ અભિનંદન! ◆

## નિઃશુલ્ક ઑર્થોપેડિક તપાસ અને નિદાન અને તપાસ કેમ્પ

અનુપમ મિશન સંચાલિત મોગરી સ્થિત 'શ્રી યોગી આરોગ્ય કેન્દ્ર' દ્વારા રવિવાર, ૩૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ નિઃશુલ્ક ઑર્થોપેડિક તપાસ અને નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. સ્પાઇન સંબંધિત પીડા-રોગનાં નિદાન અને સફળ ઉપચાર માટે વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત 'સ્તવ્ય સ્પાઇન હૉસ્પિટલ', અમદાવાદના સ્થાપક અને નિયામક ડૉ. ભરતભાઈ દવે અને તેઓની નિષ્ણાત ડૉક્ટરો- બિરજુ વ્યાસ, ઊર્વસી કોઠારી, પૂજા પ્રજાપતિ, સંજના તિવારી આદિની ટીમ ઑર્થોપેડિક કૅમ્પમાં નિઃશુલ્ક સેવા આપવા માટે પધારી. 'શ્રી યોગી આરોગ્ય કેન્દ્ર'ના ડૉક્ટર્સ અને સ્ટાફનું પણ આ કૅમ્પનાં સફળ આયોજન સેવામાં મહત્ત્વનું પ્રદાન રહ્યું.

વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત ડૉ. ભરતભાઈ દવેના સહકારથી નિઃશુલ્ક ઑર્થોપેડિક તપાસ-નિદાન કૅમ્પ

મોગરી સહિત કરમસદ, વલ્લભવિદ્યાનગર, ગાના, પેટલાદ, બોરસદ, નડીયાદ, વડોદરાથી લઈને અંકલેશ્વર અને સુરત સુધીનાં ગામો-નગરોમાંથી ૧૫૦ જેટલા દર્દીઓએ આ નિઃશુલ્ક તપાસ અને નિદાન કૅમ્પનો લાભ લીધો. કમર/ગરદનના દુઃખાવા, સાઇટિકા, સાંધાના દુઃખાવા, સાંધાના ઘસારાની તકલીફ, સ્નાયુના દુખાવા આદિ તકલીફોવાળા અનેક દર્દીઓએ અમૂલ્ય તબીબી સલાહ અને માર્ગદર્શન મેળવ્યાં. આ કૅમ્પના અંતે દર્દીઓ પાસેથી સમગ્ર આયોજન અને તબીબી સલાહ અંગે ઉત્તમ પ્રતિસાદ પ્રાપ્ત થયો. સઘળાં આયોજન સંતભગવંત સાહેબજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદ તથા સંતોનાં માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયાં. ◆

## યોગી યૂથ લીડરશિપ રિટ્રીટ - કૅનેડા

યુવાપેઢીનાં સર્વાંગી વિકાસ અને ઘડતર માટે સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શનથી કૅનેડાના ઉપાસના ધામ, ટૉરોન્ટો ખાતે પ્રથમ 'યોગી યૂથ લીડરશીપ રિટ્રીટ'નું આયોજન ૨૮થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સાધુ પૂ. જયેશદાસજીના સાંનિધ્યમાં ભક્તિસભર રીતે કરવામાં આવ્યું. રિટ્રીટનું મુખ્ય ધ્યેયસૂત્ર હતું - "Divine Blueprint : Forging Sahebji Youth Leaders." આ રિટ્રીટમાં ટૉરોન્ટો અને વૅનકુંવરથી લગભગ ૪૦ જેટલા યૂથ લીડર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ૨૮ નવેમ્બરની ઢળતી સંધ્યાએ નીલકંઠભાઈએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર આપ્યો તેમજ સાધુ પૂ. જયેશદાસજીએ લીડરશીપ રિટ્રીટનો મહિમા સમજાવી સુંદર માર્ગદર્શન આપ્યાં.

૨૯ નવેમ્બરની શુભ સવારે રિટ્રીટની શરૂઆત ગુરુહરિ સાહેબદાદાના વિડીયો આશીર્વાદથી થઈ. સાહેબદાદાએ સૌ યુવાન-યુવતીઓને આશીર્વાદ પ્રદાન કર્યા કે, 'આપણને ભગવાન એમનું કાર્ય કરવા માટે લઈને આવ્યાં છે, માટે એમના થઈને જીવન જીવવું છે તેવી પ્રાયોરિટી રાખીએ.' પ્રથમ સત્રમાં સમર્થે 'Spiritual Foundation' વિષે પ્રાસ્તાવિક વાત કરી. પછી સૌએ સુંદર ક્વિઝ દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સમજણ મેળવી. ત્યારબાદ ઓમભાઈ અને સાધુ પૂ. જયેશદાસજીએ 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'ના આધારે આજ્ઞા ને ઉપાસના વિશે સુંદર સમજણ પ્રદાન કરી.

દ્વિતીય સત્રમાં રિધમ, નીલકંઠ, વિવેક દ્વારા 'સત્સંગ વિથ સાધુ પૂ. જયેશદાસજી' રૂપે પોડકાસ્ટ સૅશન થયું, જેમાં લીડરશિપના મુખ્ય ગુણો જેવા કે, પ્રામાણિકતા, વિઝન, નિર્ણાયકતા, દાસત્વ, સ્વીકૃતિ, નમ્રતા, અંતર્દૃષ્ટિ દ્વારા પોતાના જીવનના પરિવર્તન પર પ્રશ્નોત્તરી થઈ. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ.

મનોજદાસજીના ડિજિટલ આશીર્વાદ પ્રાપ્ત થયા, જેમાં તેઓએ લીડરના મહત્ત્વપૂર્ણ ગુણોની વાતો કરી સુંદર માર્ગદર્શન પ્રદાન કર્યું.

સાંજે ત્રીજા સત્રનો વિષય 'ડેવલપિંગ લીડરશિપ સ્કિલ્સ' હતો. આ સત્રમાં સોનલ, નીલ, વિવેકે ખૂબ સુંદર વાતો કરી. વિશાલભાઈ, મહર્ષિભાઈ, તૃષિલભાઈએ પોતાના અનુભવ આધારિત પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા માર્ગદર્શન આપ્યું. સત્રના અંત ભાગમાં કેનેડાની યૂથ કમિટીને ઉપસ્થિત સૌ યુવાન-યુવતીઓએ અભિવાદન કર્યાં અને તેમનાં માર્ગદર્શન હેઠળ સૌ સાહેબદાદાનું કાર્ય, સાહેબદાદાની રીતે, સાહેબદાદાને રાજી કરવા કરીશું તેવા ભાવ અર્પણ કર્યા. અંતે સાધુ પૂ. જયેશદાસજીએ આશીર્વાદ પ્રદાન કર્યા.

૩૦ નવેમ્બર-રિટ્રીટના અંતિમ દિવસે ચોથા સત્રમાં સત્સંગ કરવામાં પડતી તકલીફોનાં નિવારણ માટે સંતો પાસે માર્ગદર્શન મેળવ્યાં અને ગ્રુપચર્ચા કરી. આ સત્રમાં ડિબેટનું આયોજન પણ કરવામાં આવ્યું, જેમાં સાધુ પૂ. જયેશદાસજીએ ઊંડાણપૂર્વક સમજ આપી. ત્યારબાદ નરેન્દ્રભાઈએ યુવાનોને પ્રેરણાત્મક વાતો કરી. પાંચમા સત્રમાં સમૈયા-ઉત્સવોમાં થતી સેવાઓનાં જુદાં જુદાં ડિપાર્ટમેન્ટ્સ વિશે પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી સાથે જવાબદારીથી સેવા કરવા અંગે નિધિ, ચિન્મય, રિધમ, વિવેક, સોનલ, સમર્થ, ઓમ, નીલકંઠ દ્વારા સુંદર સમજ આપવામાં આવી.

અંતિમ સત્રમાં રોશન અને આસ્થાએ આ રિટ્રીટમાં તેઓને થયેલા અનુભવની વાતો સૌને વહેંચી. રિધમે શિબિરમાં પધારેલ સૌનો હૃદયના ભાવથી આભાર માન્યો. અંતે, સૌ શિબિરાર્થીઓને સ્મૃતિભેટ રૂપે સાહેબદાદાના હસ્તાક્ષરમાં લિખિત આજ્ઞાપત્ર સાધુ પૂ. જયેશદાસજી દ્વારા અર્પણ થયા. સમગ્ર રિટ્રીટની સેવા સંતોનાં માર્ગદર્શન-આશીર્વાદ સાથે, વડીલ અક્ષરમુક્તો ધવલભાઈ, વિશાલભાઈના અનુભવ ને પ્રેરણાથી નવનિર્મિત કેનેડા યૂથ કમિટી સોનલ, નેવી, કેયા, નીલ, રીધમ, ઓમ, નીલકંઠ, વિવેક, સમર્થભાઈએ હળીમળીને સંપ, સુહૃદભાવ, એકતાથી અદ્‌ભુત કરી. આ ઉપરાંત, અનુપમ મિશન, કેનેડા ટ્રસ્ટ કમિટી તથા યોગીપ્રસાદના સેવકોની સેવા, નિષ્ઠા અને સમર્પણથી રિટ્રીટ સફળ બની. ◆

જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીમાં જિલ્લા કક્ષા બાળવૈજ્ઞાનિક પ્રદર્શનનું દીપપ્રાગટ્ય દ્વારા ઉદ્‌ઘાટન

## જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીમાં જિલ્લા કક્ષા બાળવૈજ્ઞાનિક પ્રદર્શન

અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'માં જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૪થી ૬ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભવ્યતાથી ઉજવાયું. જિલ્લા શિક્ષણ-તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ પ્રદર્શનમાં સમગ્ર જિલ્લામાંથી પસંદગી પામેલ ૮૫ કૃતિઓ રજૂ કરવામાં આવી. પ્રદર્શનને અન્ન-નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, નાણાં રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ તથા ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું. આ પ્રસંગે યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા, સાધુ પૂ. પીટરદાસજી તથા આણંદ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતિ, શિક્ષણ સમિતિના ચૅરમૅન શ્રી સુનીલભાઈ સોલંકી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-વલાસણના પ્રાચાર્ય શ્રી બનેસિંગ ગઢવી, જિલ્લા શિક્ષણાધિકારી સુશ્રી કામિનીબહેન ત્રિવેદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબહેન પ્રજાપતિ સહિત શાળાઓના આચાર્યો, શિક્ષક સંઘના હોદ્દેદારો, વાલીઓ, વિદ્યાર્થીઓ આદિ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં. બંને દિવસ ખૂબ મોટી સંખ્યામાં મુલાકાતીઓએ પ્રદર્શન નિહાળ્યું. બાળવૈજ્ઞાનિકોને તથા તેમને તૈયાર કરનાર શિક્ષકોને સૌએ ખૂબ બિરદાવ્યા. વિશેષ તો શાળાએ પૂરી પાડેલ વ્યવસ્થાઓ અને સહકાર બદલ સૌએ ખાસ આભાર વ્યક્ત કર્યો. જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના શિક્ષકોની નિષ્ઠાપૂર્ણ સેવા-પરિચર્યા, સુચારુ આયોજન અને વ્યવસ્થાને પરિણામે અનુપમ મિશનની સુવાસ સમગ્ર જિલ્લામાં પ્રસરી. સૌ કોઈ અનુપમ મિશનનાં સેવાકાર્યોથી પરિચિત થયાં અને તેની સરાહના કરી. ◆

## નાની વાવડી, મોરબી મંદિરે સૌરાષ્ટ્ર પ્રદેશની યુવાશિબિર

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને સદ્‌ગુરુ સંતોનાં માર્ગદર્શન મુજબ યુવાઘડતરની પ્રવૃત્તિ સુવ્યવસ્થિત રીતે કરવા અને આદર્શ યુવાનો તૈયાર થાય તે હેતુથી સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશનાં યુવાનો-યુવતીઓની શિબિર મોરબી-નાની વાવડી ખાતે ૬-૭ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન આયોજિત થઈ. આ શિબિરમાં પ્રાદેશિક સંતો પૂ. ગૌતમદાસજી, પૂ. અશોકદાસજી, પૂ.

નાની વાવડી-મોરબી ખાતે સંતોનાં સાંનિધ્યે યુવા શિબિરાર્થીઓ

હરેશદાસજી તથા વડીલોની પ્રેરક ઉપસ્થિતિ રહી. તેઓના વરદ હસ્તે દીપ પ્રગટાવી શિબિરની શુભ શરૂઆત થઈ. શિબિરના હેતુ સમજાવી બંને દિવસ વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. યુવાનોમાં વિવિધ કળાઓનો વિકાસ થાય અને સૌ ટીમસ્પિરિટ સાથે સંપ, સુહૃદભાવ એકતાથી સેવા કરે તેવી ભાવના વિકસાવતી રમતો સાધુ પૂ. રવિદાસજીએ રમાડી અને પૂ. સરજુદાસજીએ માર્ગદર્શન આપ્યાં. પ્રાસંગિક ઉદ્‌બોધનો થયાં. યુવાઓએ પોતાના મત-અનુભવો રજૂ કર્યા. સાધુ પૂ. ગૌતમદાસજીએ આશીર્વાદ આપ્યા અને યુવા પ્રવૃત્તિના સર્વાંગી વિકાસ અર્થે માર્ગદર્શન પ્રદાન કર્યાં. ◆

## શ્રદ્ધાંજલિ

*** પૂજ્ય જ્યોતિબહેન પટેલ :** વલ્લભવિદ્યાનગર નિવાસી પૂજ્ય જ્યોતિબહેન પટેલ ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૭૩ વર્ષની ઉંમરે અક્ષરધામ સિધાવ્યાં.

નાદુરસ્ત તબિયતમાં પણ અંતિમ શ્વાસ સુધી પ્રભુનું ભજન કર્યા કર્યું. જ્યોતિબહેન અને તેઓના જીવનસંગી સુભાષભાઈને શ્રી સ્વામિનારાયણ ભગવાન અને સંતભગવંત સાહેબજી પ્રત્યે અડગ નિષ્ઠા. સક્રિય સત્સંગી તરીકે બંનેએ સત્સંગની ખૂબ સેવાઓ કરી. વલ્લભવિદ્યાનગર મંડળની અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપી સભાનાં સૌને ખૂબ ઉત્સાહ આપ્યો અને બળ પૂર્યાં. સત્સંગને માર્ગે ચાલવા અનેકને મહિમા ગાયો તથા પરિવારમાં પણ ભક્તિની સરવાણી પ્રસરાવી. તેઓની વિદાયથી પરિવાર અને સત્સંગને ખૂબ મોટી ખોટ પડી તેમ છતાં સૌએ પ્રભુની લીલાને સ્વીકારી સમતા દર્શાવી. જ્યોતિબહેન જેવાં આદર્શ ભક્તને વિદાય પ્રસંગે અંતરથી નમન ! ◆

*** પૂજ્ય તરુણિકાબા કિલ્લાવાલા :** અનુપમ મિશનના નિષ્ઠાવાન મુક્તરાજ જગતભાઈ કિલ્લાવાલાનાં માતુશ્રી પૂ. તરુણિકાબા કિલ્લાવાલા ૨૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૯૩ વર્ષની ઉંમરે અક્ષરધામ સિધાવ્યાં.

અત્યંત પ્રેમાળ અને અદ્‌ભુત ભક્તિવાન પૂ. તરુણિકાબાએ સત્સંગસમાજને શૂરવીર અને સેવાભાવી સુપુત્ર જગતભાઈ કિલ્લાવાલાની ભેટ આપી. પૂ. તરુણિકાબાએ આજીવન શ્રી ઠાકોરજીની અપાર સેવા ને ભક્તિ કરી. મોટી ઉંમર છતાં નિત્ય ભક્તિમાં ચૂક આવવા દીધી નહીં. શ્રી ઠાકોરજીની દૈનિક સેવા-ભક્તિમાં લીન રહીને તેઓએ અંતિમ શ્વાસ લીધા. ભક્તિના આ સંસ્કારની મહેક કિલ્લાવાલા પરિવારમાં અનુભવાય છે, જે તેઓનાં તપ ને પુરુષાર્થનું પરિણામ છે. આવાં વંદનીય માવતરને વિદાય વેળાએ પ્રાર્થનાપૂર્વક શ્રદ્ધાસુમન અર્પણ ! ◆

*** પૂજ્ય હિંમતબાપુ નકારજા :** ઈંગ્લૅન્ડ નિવાસી અક્ષરમુક્ત પૂ. હિંમતબાપુ નકારજા ૨૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૮૩ વર્ષની ઉંમરે અક્ષરધામ સિધાવ્યા, પ્રભુની અખંડ સેવામાં બિરાજી ગયા. હિંમતબાપુએ તેઓના સહજ, નિખાલસ અને આનંદી સ્વભાવને પરિણામે સૌનાં અંતરમાં સ્થાન મેળવ્યું. તેઓના પિતા પૂ. દામાબાપા અને માતા પૂ. પ્રભાબા સત્સંગમાં જોડાયાં, હોમાયાં અને તેના ફળ



સ્વરૂપે હિંમતબાપુને પણ પ.પૂ. પપ્પાજી, પ.પૂ. બેન અને સંતભગવંત સાહેબજી સાથે જીવની પ્રીતિ દૃઢ થઈ. સાધુ પૂ. હિંમતસ્વામીજીના સમાગમે સત્સંગ અને ભક્તિ કરી. વર્ષો સુધી સાધુ પૂ. પંકજદાસજી સાથે અનુપમ મિશન, ઈંગ્લૅન્ડ ખાતે રસોડાની સેવામાં પ્રવૃત્ત રહી ખૂબ મહિમાથી સેવાઓ કરી. તેઓની આ ભક્તિયાત્રામાં પરિવારજનોનો પણ ખૂબ સહકાર મળ્યો. તેઓની ધામગમન વેળાએ તેઓનાં ધર્મપત્ની તરુણાબહેન અને પરિવારજનોને બળ મળે તે પ્રાર્થના ! પ્રભુ તેઓના આત્માને નવા જન્મે તેઓની સેવામાં જોડી આત્મિક ઉન્નતિ કરાવશે તે વિશ્વાસથી પ્રભુના કર્તાપણાને સ્વીકારનાર પરિવારનાં સૌને વંદન ! ◆

*** પૂજ્ય ભારતીબહેન ગોસ્વામી :** ચરોતર પ્રદેશના વલ્લભવિદ્યાનગર મંડળનાં અક્ષરમુક્ત ભારતીબહેન ગોસ્વામી ૩૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૪૯ વર્ષની ઉંમરે અક્ષરધામ સિધાવ્યાં. વિદ્યાનગર મંડળની અઠવાડિક

સત્સંગસભાનાં નિયમિત સભ્ય, સંતો-ભક્તો સાથે અપાર સુહૃદભાવે જોડાયેલ ભારતીબહેને સત્સંગપ્રધાન જીવન વિતાવ્યું. તેઓના જીવનસાથી ચિરાગભાઈ સાથે મંડળ અને મંદિરમાં થતી સેવાઓ ખૂબ ભક્તિભાવે કરી. સેવા અને ભક્તિના આ સંસ્કાર સંતાનો ક્રિષ્ના અને નિસર્ગના જીવનમાં પણ સિંચ્યા. સદાય સ્મિત રેલાવી હોંશે હોંશે સેવામાં જોડાયેલાં રહેતાં ભારતીબહેને સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને અનુપમ મિશનના સંતોની અત્યંત પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. આ પ્રસંગે અને શેષ જીવનમાં પરિવારનાં સૌને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના ! ◆

## નિમંત્રણ

॥ સ્વામિશ્રીજી ॥

### શ્રી વડતાલધામ પદયાત્રા

**શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક મહાપર્વ તથા અનુપમ મિશન સ્થાપના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દિવ્ય દર્શનાર્થે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં પરમ સાંનિધ્યે આયોજિત 'શ્રી વડતાલધામ પદયાત્રા'માં જોડાઈ ભક્તિરસનો અલભ્ય લહાવો માણવા પધારો !**

| | | |
|---|---|---|
| તારીખ | : | ૪ જાન્યુઆરી ૨૦૨૬, રવિવાર |
| પદયાત્રા શુભારંભ સ્થળ | : | બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, મોગરી. |
| પદયાત્રા શુભારંભ સમય | : | પ્રાત: કાળે ૪:૩૦ વાગ્યે |
| સભા સમય | : | સવારે ૭:૩૦ વાગ્યે |
| સભાસ્થળ | : | શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, શ્રી વડતાલધામ |

સંપર્ક : સાધુ યજ્ઞેશદાસ (૯૮૨૪૦ ૫૦૨૬૦), સાધુ શ્રેયસદાસ (૯૬૨૪૭ ૬૩૦૯૯)

**નોંધ :** આપ શનિવાર, ૩ જાન્યુઆરી ૨૦૨૬ના દિવસે બ્રહ્મજ્યોતિ પધારશો તે વધુ હિતાવહ રહેશે. આપનાં આગમન તેમજ પ્રસ્થાનની વિગત ઉપરોક્ત સંતોને જણાવશો તેવી નમ્ર વિનંતી !

શ્રી ઠાકોરજીના શ્રી ચરણોમાં અને સંતભગવંત સાહેબજી તથા સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં શ્રી યોગીઆજ્ઞા યુવાવર્તન શિબિરનાં યુવાશિબિરાર્થીઓ

ઉપાસના ધામ, ટૉરોન્ટો-કૅનેડામાં યોજાયેલ યોગી યૂથ લીડરશિપ રિટ્રીટ-૨૦૨૫માં સહભાગી શિબિરાર્થીઓ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર ડૉ. અભિજાતભાઈ શેઠ, ડૉ. ભરતભાઈ દવે તથા ઑર્થોપેડિક તપાસ અને નિદાન કૅમ્પમાં સેવા આપનાર તબીબો અને મહેમાનોનાં સન્માન-અભિવાદન

નૂતન વર્ષે મંદિરજીમાં ગુરુહરિ સાહેબજી અને પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનાં દિવ્ય દર્શન

લૅફ્ટનન્ટ જનરલ શ્રી અરવિંદ મહાજનનાં બ્રહ્મજ્યોતિ, મોગરી પર સ્વાગત-સત્કાર

સાધુ પૂ. ગૌતમદાસજીના પ્રાગટ્યદિનની સભામાં ગુરુહરિ સાહેબજીનાં આશીર્દાન

॥ સ્વામિશ્રીજી ॥

# નિમંત્રણ

## પોષીપૂર્ણિમા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણના ધામરૂપ
અનાદિ અક્ષરબ્રહ્મ
ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષા પર્વે,
તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના
નૂતન મંદિરજીના છઠ્ઠા પાટોત્સવ તથા
અનુપમ મિશનના વ્રતધારી સંતોની
અનુપમ વ્રતધારણ તિથિ અવસરે
ઉત્સવ આનંદના ત્રિવેણી સંગમને
સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં માણવા
આપ પધારો તેવું ભાવભર્યું નિમંત્રણ છે.

**૩ જાન્યુઆરી ૨૦૨૬, શનિવાર**

★ સવારે ૮.૦૦ : મહામંત્ર જપ, મહિમા સ્તોત્ર
★ સવારે ૮.૩૦ : શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન
★ સવારે ૧૧.૦૦ : પોષીપૂર્ણિમા માહાત્મ્યસભા-૧
★ સાંજે ૫.૦૦ : પોષીપૂર્ણિમા માહાત્મ્યસભા-૨

અનુપમ મિશન

**શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ, સાંસ્કૃતિક એવં સામાજિક સેવા કેન્દ્ર**

બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, યોગીજી માર્ગ, મોગરી-૩૮૮ ૩૪૫

સભા અંતે શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ સાથે માણીશું.

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-12-2025 * Office of Origin : Vallabh vidhyanagar
Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah
Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**
Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,
Gujarat, India * Phone : (02692) 230483, 230544
email : amindia@anoopam.org * website: www.anoopam.org